CMYK

# દ્રષ્ટિકોણ જનવાણી

PRGI.NO.GJGUJ/26/A2124

www. drashtikonejanvani.in

Drashtikone Janvani (Daily) Surat

| Year- 01 | Issue-127 | Editor - Gajera Divya | Date: 06 August-2026 Thursday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani@gmail.com | Mo. 96876 77873

# વાહનનો વીમો નહીં તો ઈંધણ નહીં

**પેટ્રોલ પંપો પર શરૂ થશે પાયલોટ પ્રોજેક્ટ : દેશમાં વીમા વગર રોડ પર બિન્દાસ્ત ફરતા વાહનો પર લગામ લગાવવા માટે સુપ્રીમ કોર્ટે પ્રસ્તાવ મૂક્યો : એવો પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કરે જે પ્રોજેક્ટ હેઠળ પેટ્રોલ પંપો પર ઈંધણ આપતા પહેલા વાહનના માન્ય ઇન્સ્યોરન્સની તપાસ થઇ શકે અને વીમો ન હોય તો પેટ્રોલ-ડીઝલ આપવાની ના પાડી શકાય**

**નવી દિલ્હી**

દેશમાં વીમા વગર રોડ પર બિન્દાસ્ત ફરતા વાહનો પર લગામ લગાવવા માટે સુપ્રીમ કોર્ટે પ્રસ્તાવ મૂક્યો છે. જેમાં વાહનનો વીમો નહીં તો ફયુઅલ નહીં (NO ઇન્સ્યોરન્સ- ફ્ઞ ફયુઅલ) અભિયાનને પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગૂ કરવાની પ્રપોઝલ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ભારતીય વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણ એટલે કે IRDAI અને મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટને નિર્દેશ આપ્યો છે કે તે એક એવો પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કરે જે પ્રોજેક્ટ હેઠળ પેટ્રોલ પંપો પર ઈંધણ આપતા પહેલા વાહનના માન્ય ઈન્સ્યોરન્સની તપાસ થઇ શકે અને વીમો ન હોય તો પેટ્રોલ-ડીઝલ આપવાની ના પાડી શકાય.




સુપ્રીમ કોર્ટે માર્ગ સલામતી અને વીમા નિયમોને સખત બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે માર્ગ પરિવહન મંત્રાલય અને IRDAI ને પેટ્રોલ પંપ પર બળતણ (ઈંધણ), ખ્ફભ્ફ કેમેરા અને નવા વાહનોના વીમા અંગે મોટા આદેશો આપ્યા છે. કોર્ટે માર્ગ પરિવહન મંત્રાલય અને IRDAI ને એક એવો પાઈલટ પ્રોજેક્ટ તૈયાર કરવા જણાવ્યું છે, જેના હેઠળ પેટ્રોલ પંપ પર વાહનનો માન્ય વીમા (valid vehicle insurance) ન હોવાની સ્થિતિમાં ગાડીઓને ઈંધણ એટલે કે પેટ્રોલ-ડીઝલ આપવા પર પ્રતિબંધ લગાવી શકાય.

હાઈવે અને રસ્તાઓ પર લાગેલા ઓટોમેટિક નંબર પ્લેટ રિકગ્નિશન (ANPR) કેમેરાને વાહન VAHAN પોર્ટલ અને વીમા ડેટાબેઝ સાથે જોડવામાં આવશે. આનાથી વીમા વગરની ગાડીઓના આપમેળે ઈ-ચલણ કાપી શકાશે. નવી ગાડીઓ માટે વીમાનો સમયગાળો વધારતા કોર્ટે નવી ખાનગી કાર માટે ફરજિયાત થર્ડ-પાર્ટી વીમાની મુદત ૩ વર્ષથી વધારીને ૪ વર્ષ કરી દીધી છે.

જ્યારે નવા બે-પૈડાવાળા વાહનો (ટૂ-વ્હીલર) માટે તેને ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરી દેવામાં આવી છે. પોલીસ માટે મોબાઈલ એપ પણ હશે. રસ્તા પર ચેકિંગ માટે ટ્રાફિક પોલીસને એવી મોબાઈલ એપ અથવા હેન્ડહેલ્ડ ડિવાઈસ આપવામાં આવશે, જેનાથી તેઓ પળભરમાં ગાડીના વીમાની ચકાસણી કરી શકે.

## જંતરમંતર લોહિયાળ કરવું'તું: ૯ ત્રાસવાદીઓ ઝડપાયા

**નવી દિલ્હી**


પંજાબ પોલીસે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI ના ઈશારે આતંકવાદી હુમલા કરવાના કાવતરાનો પર્દાફાશ કરવાનો દાવો કર્યો છે. અમૃતસર પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસમાં બે અલગ અલગ ગેંગ સાથે જોડાયેલા ચાર સગીરો સહિત કુલ નવ લોકોની ધરપકડ કરવામાં આવી છે.



પોલીસનું કહેવું છે કે આરોપીઓ પાસેથી બોટલ બોમ્બ, પિસ્તોલ, કારતૂસ અને અન્ય શંકાસ્પદ વસ્તુઓ મળી આવી છે. તપાસમાં દિલ્હીના જંતર-મંતર સાથે આ નેટવર્કના જોડાણો પણ બહાર આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, એક ગેંગનો એક આરોપી, તેના સાથીઓ સાથે, જંતર-મંતર પહોંચ્યો હતો, જ્યાં તેમણે વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત આતંકવાદી હુમલો કરવાની યોજના બનાવી હતી. જોકે, સુરક્ષા એજન્સીઓની સતર્કતાને કારણે, આરોપીઓ કથિત રીતે પોતાનો ધ્યેય પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા.

અમૃતસર પોલીસ કમિશનર ગુરપ્રીત સિહ ભુલ્લરના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓને પાકિસ્તાન સ્થિત એક કથિત ત્લ્ હેન્ડલર તરફથી સૂચનાઓ મળી રહી હતી. પોલીસનો દાવો છે કે જંતર-મંતર પહોંચ્યા પછી, તેમને સ્થાનિક સમર્થન અને સામગ્રી પૂરી પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## ઈરાન યુધ્ધ ટ્રમ્પને ભારે પડયું: મિસાઈલો ખુટી પડી



**ઈરાન બન્યું કુંભકરણઃ અમેરિકાની ૮૦ ટકા મિસાઈલો હજમ કરી ગયું : સુપરપાવરની હાલત 'બિચારા' જેવીઃ શસ્ત્રોના ગોદામ ખાલી થવા લાગ્યાઃ ટ્રમ્પ અમથા નથી ઝુક્યા**

**ન્યૂ યોર્ક**

ઈરાન-અમેરિકા યુદ્ધને છ મહિના પણ થયા નથી, પરંતુ સુપરપાવર અમેરિકા ઈરાન સામે પહેલેથી જ અનિતિ સ્થિતિમાં છે. ઙ્ક્ક ના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના સૌથી જરૂરી શષો ખાલી થવાના આરે છે, અને ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ કારણ વગર ઈરાન સાથે વાટાઘાટો કરવા સંમત થયા નથી. આ પાછળનું કારણ ગંભીર છે. ઈરાન સાથેના યુદ્ધ દરમિયાન અમેરિકાએ તેની મુખ્ય મિસાઈલોનો નોંધપાત્ર ભાગ વાપરી નાખ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આનાથી યુએસ સેનાની ભાવિ લશ્કરી તૈયારીઓ અંગે ચિંતા વધી છે. સીએનએનના રિપોર્ટ અનુસાર, યુએસ લશ્કરી મૂલ્યાંકનમાં સામેલ ઘણા અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધ શરૂ થયું ત્યારથી, યુએસએ તેની THAAD મિસાઈલ સિસ્ટમમાં લગભગ ૮૦ ટકા ઈન્ટરસેપ્ટર્સનો ઉપયોગ કર્યો છે. આ સિસ્ટમનો ઉપયોગ દુશ્મન બેલિસ્ટિક મિસાઈલોને હવામાં નષ્ટ કરવા માટે થાય છે. વધુમાં, યુએસએ તેની પેટ્રિઅટ મિસાઈલ સંરક્ષણ પ્રણાલીમાં લગભગ ૫૦ ટકા ઈન્ટરસેપ્ટર્સનો ઉપયોગ પણ કર્યો છે. ઈરાન પર હુમલો અમેરિકા માટે મોંઘો સાબિત થયો છે. ઈરાન સામેના પાંચ મહિનાના યુદ્ધ દરમિયાન અમેરિકન સૈન્યએ તેની લાંબા અંતરની ચોકસાઇ સ્ટ્રાઇક મિસાઈલોનો મોટો ભાગ વાપરી નાખ્યો છે. આનાથી ભવિષ્યના સંઘર્ષો માટે અમેરિકન સૈન્યની તૈયારી અંગે ચિંતા વધી છે. આ મિસાઈલો મુખ્યત્વે જમીનથી જમીન પર પ્રહાર કરતા શષો છે. તેમને આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ (ATACMS) અને પ્રિસિઝન સ્ટ્રાઇક મિસાઈલ (PrSM) તરીકે ઓળખવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકાએ આ લગભગ તમામ શષોનો ઉપયોગ કરી લીધો છે.

**બલુચિસ્તાનના નુશ્કીમાં પાકિસ્તાની સેનાનો કાળો કેર**

## ૯ નાગરિકોની હત્યા અને ડઝનેક લોકો ગાયબ થતાં આક્રોશ, સમગ્ર વિસ્તાર 'ઓપન જેલ'માં ફેરવાયો



**દવા અને ખોરાકની તીવ્ર અછતથી માનવતાવાદી કટોકટી સર્જાઈ: બલુચ નેશનલ મૂવમેન્ટે આંતરરાષ્ટ્રીય સમુદાય પાસે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી**

**ક્વેટા**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં પાકિસ્તાની સેના દ્વારા લાદવામાં આવેલી મહિનાઓ લાંબી લશ્કરી નાકાબંધી વચ્ચે અમાનવીય અત્યાચારો ચરમસીમાએ પહોંચ્યા છે. બલુચ નેશનલ મૂવમેન્ટ (BNM) એ ગંભીર આરોપ લગાવ્યો છે કે નુશ્કી જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયા દરમિયાન પાકિસ્તાની દળો દ્વારા ઓછામાં ઓછા નવ નિર્દોષ નાગરિકોની હત્યા કરવામાં આવી છે અને ડઝનેક લોકોને બળજબરીથી અજ્ઞાત સ્થળે ઉપાડી જઈને ગાયબ કરી દેવામાં આવ્યા છે. સેનાની કડક નાકાબંધીના કારણે સમગ્ર પ્રદેશ એક 'ખુલ્લી જેલ' બની ગયો છે અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

સ્થાનિક તંત્ર અને સેના દ્વારા લાદવામાં આવેલા અનધિકૃત કર્ફ્યુનો લાભ લઈને પાકિસ્તાની સૈનિકો બજારોમાં દુકાનો લૂંટી રહ્યા છે અને નાગરિક સંપત્તિને મોટા પાયે નુકસાન પહોંચાડી રહ્યા છે. વાહનવ્યવહાર પર મૂકવામાં આવેલા સંપૂર્ણ પ્રતિબંધના કારણે પ્રદેશમાં આવશ્યક ખાદ્ય સામગ્રી અને દવાઓની તીવ્ર અછત સર્જાઈ છે. ગંભીર રીતે બીમાર દર્દીઓ, બાળકો અને વૃદ્ધો માટે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે, કારણ કે હોસ્પિટલ તરફ જતી એમ્બ્યુલન્સોને પણ સેના દ્વારા અટકાવવામાં આવી રહી છે.

## થાઈલેન્ડ એરપોર્ટ પર ચીની મુસાફરો સામે સુરક્ષા કર્મચારીઓની રંગભેદી હરકત



**સેલિબ્રિટી પાછળ ઘૂસેલા ૨૨ ચીની ચાહકોને ફ્લાઇટમાં ચઢતા રોકાતા સર્જાયો હંગામોઃ સેફ્ટીના નામે ગાર્ડે કરી "ત્રાંસી આંખે" રંગભેદી ટિપ્પણી**

**બેંગકોક**

થાઈલેન્ડના પ્રખ્યાત સુવર્ણભૂમિ એરપોર્ટ (Suvarnabhumi Airport) પરથી એક શરમજનક ઘટના સામે આવી છે. એરપોર્ટના સુરક્ષા ગાર્ડ દ્વારા ચીની મુસાફરો પ્રત્યે કથિત રીતે રંગભેદી અને ભેદભાવપૂર્ણ "ત્રાંસી આંખે" (Slant-eye) ઈશારો કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટના બાદ ચારેય તરફથી થઈ રહેલી ટીકાઓને ધ્યાનમાં રાખીને સુવર્ણભૂમિ એરપોર્ટ મેનેજમેન્ટે સત્તાવાર રીતે માફી માંગી છે અને સંબંધિત સુરક્ષા કર્મચારી સામે કડક શિસ્તબદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવાની જાહેરાત કરી છે.

આ સમગ્ર વિવાદ ૨૯ જુલાઈના રોજ ત્યારે શરૂ થયો હતો જ્યારે બેંગકોકથી બેઈજિંગ જઈ રહેલી થાઈ એરવેઝની ફ્લાઈટ TG674 માં ૨૨ ચીની મુસાફરોને બોર્ડિંગ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. એરપોર્ટના સીસીટીવી ફૂટેજ અનુસાર, એક ચીની સેલિબ્રિટીને ફોલો કરી રહેલા ચાહકોના જૂથે કોઈ પણ જાતની પરવાનગી વગર એરપોર્ટ લાઉન્જમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે સ્ટાફે તેમને બહાર કાઢ્યા, ત્યારે તેઓ બોર્ડિંગ એરિયા સુધી સેલિબ્રિટીની પાછળ પહોંચી ગયા હતા.

ફ્લાઈટમાં અરાજકતા અને સુરક્ષા જોખમાવાની આશંકાથી એરલાઈને આ ૨૨ ચાહકોને પ્લેનમાં ચઢવા ન દેવાનો નિર્ણય લીધો હતો, જેના કારણે ગ્રાઉન્ડ સ્ટાફ અને ચાહકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ બોલાચાલી દરમિયાન એરપોર્ટના સેક્યુરિટી ગાર્ડે ચીની મુસાફરોની જાતિગત ઓળખની મજાક ઉડાવતા અયોગ્ય ઈશારા કર્યા હતા. એરપોર્ટ મેનેજમેન્ટે સ્વીકાર્યું છે કે મુસાફરો અને ફ્લાઇટની સુરક્ષા સુનિશ્ચિત કરવા વચ્ચે કર્મચારીઓનું આ વર્તન સર્વિસ સ્ટાન્ડર્ડ્સ અને એરપોર્ટના નિયમોની વિરુદ્ધ હતું.

## ભારતમાં રાંધણ ગેસ અને કુદરતી ગેસ થશે મોંઘા

**નવી દિલ્હી**

ઈરાન યુદ્ધ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલામાં સર્જાયેલા વિક્ષેપો વચ્ચે ભારતે પોતાની દેશી ઉર્જા સુરક્ષાને મજબૂત કરવા મોટો નિર્ણય લીધો છે. દેશમાં $42 બિલિયન (અંદાજે રૂ. ૩.૫ લાખ કરોડ) ના ખર્ચે લાંબા ગાળાના વ્યૂહાત્મક બળતણ અનામત (Strategic Fuel Reserve) કાર્યક્રમ માટે ભંડોળ એકઠું કરવા સરકાર રસોઈ ગેસ (LPG) અને કુદરતી ગેસ (Natural Gas) ના ગ્રાહકો પર નવો સેસ કે કર લાદવા અંગે વિચારણા કરી રહી છે. આ યોજના હેઠળ પ્રથમ વખત ક્રૂડ ઓઈલ સિવાય એલપીજી અને એલએનજી માટે પણ વિશાળ કટોકટી ભંડાર બનાવવામાં આવશે.



પ્રસ્તાવિત યોજના મુજબ, સરકાર આ સંગ્રહ માળખાને ધિરાણ આપવા માટે ગ્રાહકો પાસેથી વાર્ષિક આશરે $1.5 બિલિયન એકત્ર કરશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પ્રતિ કિલો LPG પર રૂ. ૧.૨૯ નો વેરો લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે સામાન્ય ઘરેલું રસોઈ ગેસ સિલિન્ડરની કિંમતમાં આશરે રૂ. ૧૮ નો વધારો કરશે. આ સિવાય કુદરતી ગેસ પર પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર રૂ. ૧.૪૩ ની વસૂલાતનો વિચાર છે.

## દેશમાં પ્લાસ્ટિકની ચલણી નોટોની એન્ટ્રીઃ RBI ગવર્નર સંજય મલ્હોત્રાની મોટી જાહેરાત



**મુંબઈ**

ભારતીય રિઝર્વ બેંક (RBI) ના ગવર્નર સંજય મલ્હોત્રાએ દેશના નાગરિકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતી જાહેર કરી છે. તેમણે જણાવ્યું છે કે RBI આગામી નાણાકીય વર્ષની શરૂઆતમાં જ દેશમાં પોલિમર એટલે કે વિશેષ પ્લાસ્ટિકની ચલણી નોટો બહાર પાડવાની તૈયારી કરી રહી છે. આ નવી નોટો એક મજબૂત અને ફ્લેક્સિબલ સિન્થેટિક પદાર્થમાંથી બનાવવામાં આવશે, જેના પર ખાસ ટેકનોલોજીથી પ્રિન્ટિંગ કરવામાં આવશે. કાગળની પરંપરાગત નોટોની સરખામણીએ આ પ્લાસ્ટિક નોટો અત્યંત ટકાઉ હશે અને પાણી કે ભેજથી જલ્દી ખરાબ થશે નહીં.

નાણાકીય નીતિ (Monetary Policy) ની સમીક્ષા બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, વિશ્વના ઘણા દેશોમાં પોલિમર નોટો છેલ્લા ૩૦ વર્ષથી પણ વધુ સમયથી સફળતાપૂર્વક ચલણમાં છે. ભારતમાં શરૂઆતમાં આ પોલિમર નોટો મુખ્યત્વે નાના મૂલ્યની (ઓછી કિંમત ધરાવતી) ચલણી નોટોની શ્રેણીમાં લાવવામાં આવશે, કારણ કે રોજિંદા વ્યવહારમાં આવી નોટોનો ઉપયોગ સૌથી વધુ થાય છે અને તે ઝડપથી ફાટી કે ઘસાઈ જતી હોય છે. જો તમામ આયોજન નિર્ધારિત સમયપત્રક મુજબ આગળ વધશે, તો આગામી નાણાકીય વર્ષની શરૂઆતથી જ આ નોટો સામાન્ય જનતાના હાથમાં પહોંચી જશે.

**વલસાડ બ્યુરો**

વલસાડની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

સંદીપ ડી. પટેલ - 63553 97949

204, બીજો માળ, રામકુટીર એપાર્ટમેન્ટ, હનુમાનજી મંદીર પાસે, સબપોસ્ટ ઓફીસ ગલી, છીપવાડ, વલસાડ, તા.જી. વલસાડ

**બીલીમોરા કાર્યાલય**

બીલીમોરાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ભદ્રેશ કુમાર રાણા - 9898086710

વખારિયા બંદર રોડ બંગાલી મીલ સામે બીલીમોરા

**આહવા કાર્યાલય**

આહવા-ડાંગસાપુતારાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

અમિત ચાવડા-90232 56119

ચંદ્રકલા પ્રોવિઝન સ્ટોર સાઈ બજાર, સાપુતારા, ડાંગ

**બારડોલી કાર્યાલય**

સુરત તેમજ તાપી જિલ્લાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ધર્મેશ કંસારા - 76983 97507

303,સીટી સેન્ટર, સરદાર મ્યુઝિયમની સામે, સ્ટેશન રોડ, બારડોલી



# સોનગઢ બોર્ડર પર 'લાલ સોના'નો કાળો ખેલ, અધિકારીની શહાદત પર તસ્કરીનો ડ્રામા!

## રિમાન્ડ રૂમમાં 'પોપટ' બોલ્યોઃ વિરપ્પનોનો અસલી ખેલ તો ખેરનાં કરોડોના કારોબારનો હતો!, નેટવર્ક મહારાષ્ટ્ર નહીં છેક દિલ્હીની કાથા ફેક્ટરીઓ સુધીનો!, પણ બહાર આવશે?

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - વ્યારા**

આજે જંગલોમાં કાગળ પર પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણના કરોડો રૂપિયાના તંબુ તણાય છે, અને બીજી બાજુ મધ્યરાત્રિના અંધકારમાં જંગલના અસલી 'વીરપ્પનો' કુદરતી સંપત્તિનો સોદો કરીને કરોડો રૂપિયા સરકારી નાકની નીચેથી તિજોરીમાં સરકાવી જાય છે! તાપી જિલ્લાના સોનગઢ ચેકપોસ્ટ પાસે બનેલી કાળમુખી ઘટના કોઈ સાધારણ માર્ગ અકસ્માત નથી. એ તો વન વિભાગ અને આંતરરાજ્ય લાકડાચોર માફિયાઓ વચ્ચે ખેલાયેલા ખુલ્લા, લોહિયાળ જંગની વરવી અને વિસ્ફોટક વાસ્તવિકતા છે. લક્ઝુરિયસ ઈનોવા, પાયલોટીંગ કરતી રોયલ બુલેટ, પેટ્રોલથી ચાલતા હાઈટેક કટર મશીનો, તીક્ષ્ણ કોયતા અને પાંજરામાં પુરાયેલા પોપટ! વાહ સાહેબ વાહ! આ કોઈ દક્ષિણ ભારતની મસાલા એક્શન ફિલ્મની સ્ક્રિપ્ટ નથી, પણ સોનગઢ ચેકપોસ્ટ પર ખુલ્લી પડેલી ખુવારી છે. અરે, ક્યાં સુધી આ જંગલના લૂંટારૂઓ બેખોફ બનીને આપણી પ્રાકૃતિક સંપત્તિને વેચતા રહેશે અને કાયદો માત્ર તમાશો જોતો રહેશે? ખેરનો નેટવર્ક મહારાષ્ટ્ર નહીં છેક દિલ્હીની કાથા ફેક્ટરીઓ સુધીનો કહેવાય છે, પણ બહાર આવશે



કે કેમ? ધીમી ગતિએ ચાલતી તપાસ સામે શંકાનાં શિખરો ઉભા થયા છે.

ઘટનાનું સત્ય એ છે કે વ્યારા રેંજ હેઠળના વન વિભાગના આર.એફ.ઓ. વિકાસ દેસાઈને પાકી બાતમી મળી હતી કે મોંઘાદાટ ખેરના લાકડા ભરીને એક શંકાસ્પદ ઈનોવા કાર મધ્યરાત્રિએ સીમા પાર કરવાની ફિરાકમાં છે. આ અધિકારી સમય બગાડ્યા વગર પોતાની ખાનગી કાર લઈને મધ્યરાત્રિના અંધકારમાં તસ્કરોની પાછળ પડે છે. તસ્કરો પણ પોતાની ગાડી પુર સ્પીડે ભગાવી રહ્યા હતા. પણ અફસોસ! સોનગઢ ચેકપોસ્ટ પાસે કાળે પોતાનો પંજો માર્યો. આગળ ઊભેલા એક ભરેલા કન્ટેનર પાછળ ધડાકાભેર ઈનોવા ભટકાઈ. ધડાકો એટલો ભયાનક હતો કે ઈનોવામાં બેસેલા એક અજાણ્યા તસ્કરનો ઘટનાસ્થળે જ કૂચો નીકળી ગયો! અને કરૂણતા જુઓ- આ તસ્કરોનો પીછો કરી રહેલા આર.એફ.ઓ. વિકાસ દેસાઈની કાર પણ આ અકસ્માતગ્રસ્ત વાહનો સાથે અથડાઈ, અને એક ફરજપરસ્ત અધિકારીએ પોતાની જિંદગીની શહાદત વહોરી લીધી. અકસ્માત થતાં જ મુખ્ય ડ્રાઈવર અંધારાનો લાભ ઉઠાવીને રફુચક્કર થઈ ગયો. પણ કહેવાય છે ને કે પાપનો ઘડો એક દિવસ ફૂટે જ છે! વન વિભાગની ટીમે ભાગેડુ ડ્રાઈવર નિતેશ અશોકભાઈ વસાવા (રહે. લીંબી, ધામણી ફળિયું) ને ઝડપી પાડી સોનગઢ કોર્ટમાં રજૂ કર્યો. કોર્ટે પણ ગુનાની ગંભીરતા જોઈને ૪ દિવસના રિમાન્ડ ફટકારી દીધા. રિમાન્ડ રૂમનો થાપો પડતાં જ ડ્રાઈવર નિતેશ વસાવાએ પાપની પોટલી ખોલી નાખી. એણે કબૂલ્યું કે એ તો માત્ર પાંચ-પચાસ રૂપિયામાં સ્ટીયરીંગ પકડનારો વિરપ્પનનો હાથો હતો! અસલી આકા તો ફિલીપ વસાવા છે, જેણે આ ઈનોવા કાર લાકડાની તસ્કરી માટે મોકલી હતી. આ આખી ગેંગ અનામત જંગલોમાંથી કિંમતી ખેરનું નિકંદન કાઢીને મહારાષ્ટ્ર તરફ મોકલતી હતી. તપાસના તાર સીધા મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના નવાપુર તાલુકાના ડોકરીયા ગામના સંદીપ વળવી સુધી પહોંચ્યા. વન વિભાગે મહારાષ્ટ્રના સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને દરોડા પાડ્યા, ત્યારે સામે આવેલો 'મુદ્દામાલ'માં ઈનોવા કાર, બુલેટ મોટરસાયકલ, ઈકો કાર, ખેર-સાગ-મહૂડાનું લાકડું, આધુનિક કટર મશીન, ૫ કોયતા, ૧ કરવત... અને આરોપીના ઘરેથી ગેરકાયદે પાંજરામાં પૂરેલા ૨ નંગ પ્રતિબંધિત વન્યપ્રાણી પોપટ! કુલ રૂ. ૭,૯૧,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરીને વન વિભાગે દાવો કર્યો કે ચોરોની કરોડરજ્જુ ભાંગી નાખી છે! જરા રમુજ તો જુઓ! એક બાજુ કરોડો રૂપિયાનું આંતરરાજ્ય 'લાલ સોનું' સરહદ પાર થઈ રહ્યું છે, એક ઉચ્ચ અધિકારી પોતાનો જીવ ગુમાવી રહ્યો છે, અને તંત્ર રૂ. ૭.૯૧ લાખનો મુદ્દામાલ અને 'બે પોપટ' જપ્ત કરીને કાગળ પર પોતાની શૂરવીરતાની પીઠ થાબડી રહ્યું છે! આનાથી મોટી સિસ્ટમની કટાક્ષમય મજાક બીજી શું હોઈ શકે?

### જંગલના 'વીરપ્પનો' સામે વન વિભાગની કાગળ પરની 'આક્રમકતા'

વ્યારાઃ આંતરરાજ્ય તસ્કરી રેકેટ સામે 'ભારતીય વન અધિનિયમ' અને 'વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ' હેઠળ કડકમાં કડક ગુનો દાખલ કરાયો. મુખ્ય સૂત્રધાર ફિલીપ વસાવા, સંદીપ વળવી (નવાપુર) અને પરેશ ગાવિત (જામતળાવ)ના ઘરે વન વિભાગે કડક નોટિસો ફટકારી. ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ વિશેષ ટીમો બનાવી કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા તપાસ શરૂ થઈ છે. વૃક્ષો અને માસૂમ પોપટની તસ્કરી કરનારા આજના 'વીરપ્પનો' અને તેના રાજકીય આકાઓ જેલના સળિયા પાછળ ધકેલાશે ત્યારે જ શહીદ અધિકારીના બલિદાનને સાચો ન્યાય મળશે! આજે પણ જંગલો કપાતા રહે છે, સરકારી ચોપડા ભરાતા રહે છે, અને માફિયાઓ નવી ગાડીઓ ખરીદીને આગળ વધતા રહે છે. માત્ર નોટિસો ફટકારીને કે બે પોપટ કબ્જે કરીને વન વિભાગ પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. જો આંતરરાજ્ય સરહદ પર બેઠેલા અસલી કાળી ઘેટાંઓ પર કાયદાનો કોરડો નહીં વીંઝાય, તો આ સરકારી કાયદાઓ માત્ર કાગળના વાઘ બનીને જ રહેશે!

# આહવાના આંબાપાડામાં RO પ્લાન્ટ ધરાશાયી : બેદરકારીના આક્ષેપ

## વોટર પ્યુરિફિકેશન અચાનક તૂટી પડતાં સ્થાનિકોમાંરોષ, કાર્યવાહી કરવાની માંગ



તસવીર : પ્રદીપ રાઉત, ડાંગ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ -ડાંગ**

ડાંગ જિલ્લાના આહવા શહેરના આંબાપાડા વિસ્તારમાં અંદાજે છ મહિના પહેલાં સ્થાપિત કરવામાં આવેલ RO (વોટર પ્યુરિફિકેશન) પ્લાન્ટ આજે અચાનક તૂટી પડી જતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષની લાગણી ફેલાઈ છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, RO પ્લાન્ટનું સ્ટ્રક્ચર અચાનક ધરાશાયી થતાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જોકે ઘટનાએ પ્લાન્ટના સ્થાપન કાર્યની ગુણવત્તા અને સલામતી અંગે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે RO પ્લાન્ટ યોગ્ય રીતે ફિટ કરવામાં આવ્યો ન હતો, જેના કારણે માત્ર છ મહિનામાં જ તે તૂટી પડ્યો. તેમણે માંગ કરી છે કે આ કામ કરનાર એજન્સીની જવાબદારી નક્કી કરી તેની સામે યોગ્ય તપાસ અને કડક કાર્યવાહી કરવામાં આવે. હાલ તંત્ર તરફથી ઘટનાને લઈને કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. સ્થાનિકો દ્વારા સ્થળનું નિરીક્ષણ કરી ઘટનાના કારણોની તપાસ કરવામાં આવે તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી પગલાં ભરવાની માંગ ઉઠી છે.

# વાપીના ડુંગરામાં બંધ મકાનમાં ચોરીનો ભેદ ઉકેલાયોઃ બે રીઢા ઘરફોડ ચોર ઝડપાયા

## CCTV ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે ગણતરીના દિવસોમાં ગુનો ઉકેલી રોકડ અને મોબાઇલ કબજે કર્યા

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - વાપી**

વાપીના ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા છરવાડા ખાતે બંધ મકાનમાંથી રૂ. 50 હજારની ચોરીના ગુનાનો પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી બે રીઢા ઘરફોડ ચોરોને ઝડપી પાડ્યા છે. પોલીસે ચોરીની રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, 30 જુલાઈ, 2026ના રોજ બપોરના સમયે છરવાડા સ્થિત રામવાળી વિસ્તારમાં આવેલા નેહા કોમ્પલેક્ષના ફ્લેટ નં. 205માં રહેતા કનૈયા પ્રસાદના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં રાખેલી બેગમાંથી રૂ. 50 હજારની રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે



ડુંગરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 331(3) અને 305(એ) હેઠળ ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા તથા વાપી ડીવાયએસપી બી. એન. દવેના માર્ગદર્શન હેઠળ ડુંગરા પોલીસ ઈન્સ્પેક્ટર બી. એન. ગોહીલના નેતૃત્વમાં પીએસઆઈ કે. આર. ચોટલીયા અને સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજનું ટેકનિકલ વિશ્લેષણ કર્યું હતું. ઉપરાંત મળેલી ચોક્કસ બાતમીના આધારે છીરી વિસ્તારમાંથી બે શંકાસ્પદ યુવકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંનેએ ચોરીનો ગુનો કબૂલતા પોલીસે તેમની પાસેથી ચોરીની રોકડ રકમ અને મોબાઈલ ફોન કબજે કર્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મોહમદ શાહનવાઝ રજીહસન શેખ (ઉ.વ. 20, રહે. યાદવની ચાલ, છીરી, વાપી, મૂળ બિહાર) અને તસ્લીમ ઉર્ફે ગોટા નસીમ ખાન (ઉ.વ. 21, રહે. કૃષ્ણાપાર્ક સામે, છીરી, વાપી, મૂળ ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ અગાઉ પણ ચોરી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા છે. મોહમદ શાહનવાઝ સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી અને આર્મ્સ એક્ટ હેઠળ બે ગુના નોંધાયેલા છે, જ્યારે તસ્લીમ ઉર્ફે ગોટા સામે ઘરફોડ ચોરીના ચાર ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે. હાલ ડુંગરા પોલીસ બંને આરોપીઓની વધુ પૂછપરછ કરી અન્ય ગુનાઓમાં સંડોવણી અંગે તપાસ ચલાવી રહી છે.

# બીલીમોરામાં 2 વર્ષની પુત્રીના પિતાએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

## પરિવારને ચિંતાજનક સંદેશ મોકલ્યા બાદ ઘટના; કારણ હજુ અકબંધ, રેલવે પોલીસ તપાસમાં

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બીલીમોરા**

બીલીમોરા નજીક તલોધ સિંગલ ફળીયા પાસે સોમવાર બપોરે એક યુવાન એ રણકપોર એક્સપ્રેસ ટ્રેન સામે સુઈ આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. ટ્રેન ની ધસમસતી ઝડપ ને કારણે તેના શરીરના ફુરચે ફુરચા ઉડી જતા અરેરાટી વ્યાપી હતી. મૃતક નાં ખિસ્સામાંથી આધારકાર્ડ મળતા ઓળખ થઈ હતી. જોકે તેણે આ અંતિમ પગલું કયા સંજોગોમાં ભર્યું તે કારણ અકબંધ રહ્યું હતું. મૃતક બીલીમોરા નાં ગૌહરબાગ માં પત્ની અને બે વર્ષ ની પુત્રી સાથે રહેતો હતો. અને એક ખાનગી કંપની માં નોકરી કરતો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લા નાં સણીયાદ ગામનો વતની અને હાલ બીલીમોરા નાં ગૌહરબાગ માં સ્નેહલ હોસ્પિટલ સામે રહેતો પ્રવીણસિંહ બળવંતસિંહ ચૌહાણ (૩૯) ખાનગી કંપનીમાં મેન્ટેનન્સ વિભાગમાં નોકરી હતો. બીલીમોરા સ્ટેશન ની ઉતરે સિંગલ ફળિયા નજીક સુરત તરફ જતી બાંદ્રા-લાલગંજ રણકપુર સુપરફાસ્ટ ટ્રેન (૧૪૭૦૮) સામે પ્રવીણસિંહે ટ્રેક પર સુઈ જઈને આત્મહત્યા કરી હતી. ટ્રેનના ડ્રાઈવરે સતત હૉર્ન વગાડવા છતાં તેઓ ટ્રેક પરથી હટ્યા ન હતા, જેના પરિણામે ટ્રેન નીચે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ અત્યંત કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ બાદ ટ્રેનના ડ્રાઈવરે બીલીમોરા રેલ્વે સ્ટેશન માસ્ટરને જાણ કરતા રેલ્વે પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતકના પર્સમાંથી આધારકાર્ડ મળતા તેના આધારે તેમની ઓળખ શક્ય બની હતી. આપઘાત કરતા પહેલા પ્રવીણસિંહે પરિવારજનોને સવારે ચિંતાજનક મેસેજ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જેથી પરિવારજનો વડોદરાથી તાત્કાલિક બીલીમોરા દોડી આવ્યા હતા. જ્યાં પ્રવિણસિંહ નાં આપઘાત નાં સમાચાર સાંભળી ભાંગી પડ્યા હતા.મૃતક પોતાની પાછળ પત્ની અને બે વર્ષની માસૂમ પુત્રીને વિલાપ કરતા છોડી ગયા છે. પ્રવિણસિંહ ચૌહાણ એ કયા કારણે આપઘાત કર્યો તેનું રહસ્ય ખુલ્યું નથી. હાલ આ બનાવ અંગે બીલીમોરા રેલ્વે આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ ભાવસિંગભાઈ આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

# ધરમપુર ગામની SGFI રમતોત્સવમાં બી. આર. ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓનો દબદબો

## એથ્લેટિક્સ, વોલીબોલ સહિત વિવિધ સ્પર્ધાઓમાં અનેક મેડલ જીત્યા; તાલુકા કક્ષાએ શાનદાર પ્રદર્શનથી શાળાનું ગૌરવ વધાર્યું

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - ધરમપુર**

ધરમપુર તાલુકા કક્ષાની SGFI શાળાકીય રમત-ગમત સ્પર્ધામાં બી. આર. ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને તાલુકા સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડના સંચાલનમાં વનરાજ કોલેજ, બામટી ખાતે યોજાયેલી સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ એથ્લેટિક્સ અને વોલીબોલ સહિત વિવિધ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી મેડલોની ઝળહળતી કમાણી કરી હતી.







અંડર-19 વિભાગમાં વિકાસ પુખરાજ સીરવીચૌધરીએ ચક્રફેંક અને શૉટ પુટ એમ બંને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ડબલ ગોલ્ડ મેળવ્યો હતો. જીતેન્દ્ર જાટે ભાલાફેંકમાં પ્રથમ સ્થાન મેળવતાં શાળાની સિદ્ધિમાં વધારો કર્યો હતો. કર્તવ્ય ડીપલભાઈ પટેલે ચક્રફેંક અને શૉટ પુટમાં દ્વિતીય સ્થાન મેળવ્યું, જ્યારે સુહાની જીતેનભાઈ મૌર્યએ બહેનોની બંને સ્પર્ધામાં દ્વિતીય સ્થાન હાંસલ કર્યું હતું. અંડર-19 ભાઈઓની વોલીબોલ ટીમે પણ શાનદાર રમતનું પ્રદર્શન કરીને દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

અંડર-17 વિભાગમાં શ્રેયા મુકેશભાઈ જાદવે ચક્રફેંકમાં પ્રથમ અને શૉટ પુટમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. અલ્તામસ સગીરખાન પઠાણે 400 મીટર દોડમાં દ્વિતીય સ્થાન મેળવ્યું, જ્યારે શિવમ નિલેશભાઈ પટેલે 100 મીટર દોડમાં તૃતીય સ્થાન મેળવી શાળાને વધુ એક મેડલ અપાવ્યો હતો. અંડર-14 વિભાગમાં રિદ્ધિ તરુણભાઈ પટેલે શૉટ પુટમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી હતી. શાળાના વિદ્યાર્થીઓના આ યાદગાર પ્રદર્શનથી સમગ્ર શાળા પરિવાર અને વાલીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. વિજેતા તમામ રમતવીરોને શાળાના મેનેજર પુખરાજ ધ્યાવાલા તથા આચાર્ય ડૉ. નીતુ શર્માએ અભિનંદન પાઠવી આગામી જિલ્લા અને રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પણ શ્રેષ્ઠ દેખાવ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. તાલુકા કક્ષાની આ સફળતા બાદ હવે ખેલાડીઓ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં પણ પોતાની પ્રતિભા દેખાડશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ડાંગ જિલ્લાના ચીખલી વન વિભાગની રોપણી કામગીરી સામે સ્થાનિકોમાં ભારે અસંતોષ

## અનેક સ્થળોએ રોપાઓ રસ્તાની કિનારે ફેંકી દેવાતા તપાસની માંગ ઉઠી





તસવીર : પ્રદીપ રાઉત, ડાંગ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ -ડાંગ**

ડાંગ જિલ્લાના ચીખલી વન વિભાગ હેઠળ આવતા કમ્પાઉન્ડ નં. RF-280 (આંબાપાડા), દાપૂર વિસ્તારમાં રોપણી યોજનાની કામગીરી અંગે સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, જ્યાં સરકારની યોજના અંતર્ગત નવા રોપાઓનું વાવેતર થવું જોઈએ ત્યાં અનેક સ્થળોએ રોપાઓ રસ્તાની કિનારે ફેંકી દેવામાં આવ્યા હોવાનું જોવા મળ્યું છે અને સમયસર વાવેતર કરવામાં આવ્યું નથી.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા રોપણી યોજના માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થતો નથી. તેમના મતે સંબંધિત બીટ ગાર્ડ, ફોરેસ્ટ ગાર્ડ તેમજ જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે યોજનાનો હેતુ સિદ્ધ થતો નથી અને સરકારી નાણાંના દુરુપયોગની શંકા ઊભી થઈ રહી છે.સ્થાનિકોએ સમગ્ર રોપણી યોજનાની સ્થળ પર જઈને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. જ્યાં વાવેતર દર્શાવવામાં આવ્યું છે ત્યાં વાસ્તવિક સ્થિતિની ચકાસણી કરવામાં આવે અને જો તપાસ દરમિયાન કોઈ ગેરરીતિ, બેદરકારી અથવા અનિયમિતતા સામે આવે તો જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક વહીવટી તેમજ કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિકોનું કહેવું છે કે સરકાર પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવા માટે કરોડો રૂપિયાની યોજનાઓ અમલમાં મૂકે છે, પરંતુ જો તેનું યોગ્ય અમલીકરણ ન થાય તો સરકારી નાણાંનો બગાડ થવાની સાથે પર્યાવરણને પણ નુકસાન થઈ શકે છે. તેથી સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ નિષ્પક્ષ તપાસ કરીને સત્ય હકીકત બહાર લાવવામાં આવે તેવી લોકોની માંગ છે.

# આહવા પ્રાંત કચેરીમાં એટીવીટી કાર્યવાહક બેઠક યોજાઇ

## ડાંગના ત્રણેય તાલુકાઓમાં 750 લાખના વિવિધ વિકાસ કામોને મંજૂરી અપાઇ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ -ડાંગ**

ડાંગ જિલ્લાના આહવા પ્રાંત કચેરીમાં ગુરૂવારના રોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને એટીવીટી કાર્યવાહક સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં આહવા, વઘઇ અને સુબીર તાલુકામાં એટીવીટી યોજના હેઠળ ચાલતાં કામોની મંજૂરી આપવામાં આવી હતી. જેમાં આહવા તાલુકામાં શેડના કામો, આરઓ પ્લાન્ટના કામો, એલઇડી લાઇટના કામો, મોબાઇલ ટોયલેટ યુનિટ, સી.સી. રસ્તાના કામો, નાળાના કામો. મીની પાઇપ લાઇનના કામો જે રૂ. 250 લાખ અને વઘઇ તાલુકાના સી.સી. રસ્તાના કામો, પેવર બ્લોક, કમ્પાઉન્ડ વોલ, એલઇડી લાઇટના કામ, મોબાઇલ ટોયલેટ યુનિટ, નાળાનું કામ, આર.ઓ. પ્લાન્ટ, પાણીની સુવિધાના કામો, શૌચાલયનું કામ, શેડના કામો જે 250 લાખ તેમજ સુબીર તાલુકાના સી.સી.રસ્તાનું કામ, એલ.ઇ.ડી. લાઇટના કામ, મોબાઇલ ટોયલેટ યુનિટ, પેવર બ્લોકનું કામ, આરઓ પ્લાન્ટ, મીની પાઇપલાઇનનું કામ, નાળાનું કામ જે 250 લાખના વિવિધ ગ્રામ્ય વિસ્તારોના કામોની મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકની કાર્યવાહી પ્રાંત અધિકારી યુ.વી.પટેલે સંભાળી હતી. બેઠકમાં આહવા, વઘઇ અને સુબીર તાલુકા પંચાયતના પ્રમુખો, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# જલાલપોર પોલીસે NDPS કેસની વોન્ટેડ મહિલા પકડી

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - નવસારી**

જલાલપોર પોલીસે NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં લાંબા સમયથી ફરાર એક મહિલા આરોપીની ધરપકડ કરી છે. આ મહિલા 17 જુલાઈના ગુનામાં વોન્ટેડ હતી અને તેને ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે વિજલપોરથી ઝડપી પાડવામાં આવી છે.

પોલીસને મળેલી બાતમીના આધારે, PSI વી.પી. ચૌધરીએ મહિલા પોલીસ અને અન્ય જવાનો સાથે વિજલપોરના લક્ષ્મીનગર-1 વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન આરોપી મહિલાને ઝડપી લેવામાં આવી હતી. પૂછપરછમાં આરોપીએ ગુનામાં પોતાની સંડોવણી સ્વીકારી હોવાનું પોલીસે જણાવ્યું છે.

ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ સુનિતા ઉર્ફે ભાભી રવિશંકર ભારતીય (રહે. વિજલપોર, લક્ષ્મીનગર-1, ડોલી તળાવ પાસે, તા. જલાલપોર) તરીકે થઈ છે. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ NDPS કેસોમાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરીમાં PI એલ.જી. રાઠોડ, PSI ડી.એન. ચૌધરી, PSI વી.પી. ચૌધરી સહિત જલાલપોર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.



ટેક્નિકલ સર્વેલન્સથી વિજલપોરમાંથી ઝડપાઈ, 17 જુલાઈના ગુનામાં હતી ફરાર

તંત્રી સ્થાનેથી...

# ઇરાન યુદ્ધમાં ટ્રમ્પ ભારે અવઢવની સ્થિતિમાં છે

ઈરાન પર સખત હુમલાની ધમકી આપનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો નિર્ણય ૨૪ કલાકમાં જ બદલાવો એ ઈરાન યુદ્ધમાં તેમની અવઢવની દશા દર્શાવે છે, જેનો તેઓ વિતેલા કેટલાક અઠવાડિયાથી સામનો કરી રહ્યા છે. ફરી એકવાર, તેમણે લશ્કરી કાર્યવાહી મુલતવી રાખવાનું અને ઈરાન સાથેના કરારને તક આપવાનું પસંદ કર્યું, જ્યારે કે તેઓ સ્પષ્ટપણે જાણે છે કે ઈરાનીઓ આ કરારનું પાલન કરે તેવી શક્યતા ઓછી છે. આ ધર્મસંકટ રાજકીય છે. અમેરિકી સંસદની મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે, અને આ ચૂંટણીઓના પરિણામોને આડકતરી પ્રભાવિત કરવાની ઈરાન પાસે નોંધપાત્ર ક્ષમતા છે. સેનેટમાં રિપબ્લિકન પાર્ટીની બહુમતી નબળી છે, જ્યારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની સ્થિતિ વધુ નાજુક છે, જ્યાં દરેક બેઠક પર ચૂંટણી યોજાવાની છે. ટ્રમ્પને તેમના કાર્યકાળના છેલ્લા બે વર્ષ દરમિયાન એક સહકાર આપે તેવી કોંગ્રેસની જરૂર છે, જેથી તેઓ પોતાના વ્યાપક સ્થાનિક નીતિગત સુધારાઓ પૂર્ણ કરી શકે.

બીજી બાજુ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના કમાન્ડરો આ વાત સમજે છે. તેઓ હોર્મુઝની સામુદ્રધુની અને બાબ અલ-મંદેબની સામુદ્રધુની–બંને વિસ્તારોમાં દબાણ બનાવી રહ્યા છે, જેથી તેવા લાંબા ગાળાના લાભો મેળવી શકાય જે તેમના શાસનને મજબૂત કરે અને ટ્રમ્પ જે વ્યૂહાત્મક સફળતા મેળવવા માગે છે તેને રોકી શકાય. ઈરાન તરફથી બીજો ખતરો વધુ ગંભીર છે: ગલ્ફના તેલના કુવાઓમાં આગ લગાવી દેવી અને રિફાઈનરીઓ તેમજ અન્ય સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડવું. આ એક એવી વિનાશક સ્થિતિ છે, જે તેહરાને કતાર દ્વારા ટ્રમ્પ સુધી પહોંચાડી હતી. એક અહેવાલ મુજબ, અમેરિકાના હુમલાને રોકવાનો નિર્ણય માત્ર સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની અપીલને કારણે જ નહીં, પરંતુ મુખ્યત્વે કતારની મધ્યસ્થતાને કારણે લેવાયો હતો. દોહાએ ખાતરી આપી હતી કે ઈરાન આ વખતે હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે સમજુતી કરાર હેઠળની પોતાની વચનબદ્ધતાનું પાલન કરશે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આ ખાતરી કતારીઓ મારફતે અને અમેરિકી દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરને સીધા સંદેશાઓ દ્વારા અમેરિકા સુધી પહોંચાડી હતી.

વીકેન્ડ દરમિયાન વ્હાઈટ હાઉસ સાથેના ટેલિફોનિક વાર્તાલાપમાં, કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાનીએ ચેતવણી આપી હતી કે મોટા પાયા પરનો અમેરિકી હુમલો, ખાસ કરીને જો ઊર્જા ક્ષેત્રની સુવિધાઓ-ને લક્ષ્ય બનાવવામાં આવે તો, ઈરાનના જવાબી હુમલાને આમંત્રણ આપશે. તેમણે કહ્યું કે આવા હુમલાથી ગલ્ફનો સમગ્ર ઊર્જા ઉદ્યોગ ઠપ્પ થઈ જશે અને તેને ભારે નુકસાન પહોંચશે, જેનાથી તેલના ભાવ આસમાને પહોંચશે.

અમેરિકીઓએ માંગ કરી હતી કે કોઈપણ સમજૂતીમાં બાબ અલ-મંદેબની સામુદ્રધુનીનો પણ સમાવેશ થવો જોઈએ અને તેમાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કમાન્ડરોની સીધી વચનબદ્ધતા સામેલ હોવી જોઈએ. તે કમાન્ડરો પાસેથી આવી વચનબદ્ધતા મળી છે કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી. ગલ્ફના રાજદ્વારી સ્ત્રોતોએ જણાવ્યું હતું કે વાટાઘાટોમાં સામેલ અમેરિકી ટીમમાં ઉપપ્રમુખ જેડી વેન્સ અને દૂત વિટકોફ તથા કુશ્નર સામેલ હતા. ટ્રમ્પે પોતે પણ કેટલીક ચર્ચાઓમાં ભાગ લીધો હતો. જો કે, અખાતના અન્ય કેટલાક દેશો આ અભિગમનો વિરોધ કરે છે.

ક્ષેત્રના રાજદ્વારી સ્ત્રોતો અનુસાર, સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન ટ્રમ્પ અને કુશ્નરને કહ્યું હતુ કે આ ગોઠવણ માત્ર એક અસ્થાયી ઉકેલ છે જેનું ઈરાન પાલન ન પણ કરે. તેમણે કહ્યું કે ટેન્કરો અટવાયેલા જ રહેશે અને લાંબા ગાળાનો ખતરો યથાવત રહેશે. બિન ઝાયદનો સંદેશ એ હતો કે હોર્મુઝની સામુદ્રધુની પરના ઈરાની ખતરાને દૂર કરવા માટે એક સર્વગ્રાહી, સ્પષ્ટ અને કાયમી ઉકેલની જરૂર છે. તેમણે દલીલ કરી હતી કે આ કરવું અમેરિકા અને વૈશ્વિક હિત બંનેમાં છે.

જો વર્તમાન તક દરમિયાન આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો એકવાર ઈરાન પોતાની શક્તિ ફરીથી પ્રાપ્ત કરી લેશે પછી અમેરિકા અને બાકીની દુનિયા માટે તેનો સામનો કરવો વધુ મુશ્કેલ બની જશે. અમેરિકી પ્રશાસનમાં આખા વીકેન્ડ દરમિયાન મતભેદો રહ્યા હતા. વિદેશ મંત્રી માર્કો રુબિયો અને સંરક્ષણ મંત્રી (સેક્રેટરી ઓફ વોર) પીટ હેગસેથે ઝડપી અને શક્તિશાળી લશ્કરી કાર્યવાહીનું સમર્થન કર્યું હતું, જ્યારે વેન્સ, વિટકોફ અને કુશ્નરે રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખવાની તરફેણ કરી હતી.

અખાતી યુદ્ધમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ ખરાબ રીતે ગુંચવાઇ ગયા છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. તેમણે શરૂઆતમાં આ યુદ્ધને કદાચ ખૂબ હળવાશથી લીધું હતું અને થોડા દિવસમાં ઈરાન ઘૂંટણિયે પડી જશે એવી ધારણા વેનેઝુએલાના અનુભવ પરથી બાંધી હશે, પણ વેનેઝુએલા અને ઈરાનમાં ઘણો ફેર છે. ઈરાનીઓ ધાર્યા કરતા ઘણા વધુ શક્તિશાળી અને હોશિયાર પુરવાર થયા છે, વળી તેમને રશિયા અને ચીનનો સાથ પણ મળી રહેલો જણાય છે.

# યુવાનોની સામે વાસ્તવિક સમસ્યા શું છે?

**પંજાબના ઓપિઓઇડ સંકટથી લઈને કેરળની રેવ પાર્ટીઓ સુધી, ગોલ્ડન ક્રેસન્ટ અને ગોલ્ડન ટ્રાયએંગલ સાથે જોડાયેલા હેરોઇનના માર્ગોથી લઈને હાઇ વેના ઢાબાના ઓથા હેઠળ ચાલતા અફીણના નેટવર્ક સુધી, આ દૂષણ એક રાષ્ટ્રીય પડકાર બની ગયું છે જે લાખો યુવાન ભારતીયો અને તેમનાં પરિવારોને પ્રભાવિત કરી રહ્યું છે. સરકારી અંદાજ મુજબ, 370 મિલિયન (37 કરોડ)થી વધુ ભારતીયો કોઈ ને કોઈ સ્વરૂપે નશાકારક પદાર્થોનું સેવન કરે છે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના 2025ના અહેવાલ મુજબ, દેશભરમાં આશરે 1.34 લાખ કિલોગ્રામ નશાકારક દવાઓ જપ્ત કરવામાં આવી હતી, જેનું અનુમાનિત બજાર મૂલ્ય આશરે 1,980 કરોડ છે.**

આપણા જેન ઝીની સમસ્યાઓ, તેમની નિરાશા અથવા તો તેમની 'સ્વતંત્રતાના અભાવ' વિશે વાતો કરવી ખૂબ જ ફેશન બની ગઈ છે. ખાસ કરીને દિલ્હીના જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શન પછી. પરંતુ ભારતનાં યુવાનો સામનો કરી રહ્યાં છે તે ખરી સમસ્યા ડ્રગ્સ/કેફી દ્રવ્યોનું વ્યસન છે. વિશ્વનો કોઈ પણ ભાગ નશાના દૂષણથી મુક્ત નથી અને ભારત પણ તેમાં અપવાદ નથી.

પંજાબના ઓપિઓઈડ સંકટથી લઈને કેરળની રેવ પાર્ટીઓ સુધી, ગોલ્ડન ક્રેસન્ટ અને ગોલ્ડન ટ્રાયએંગલ સાથે જોડાયેલા હેરોઈનના માર્ગોથી લઈને હાઇ વેના ઢાબાના ઓથા હેઠળ ચાલતા અફીણના નેટવર્ક સુધી, આ દૂષણ એક રાષ્ટ્રીય પડકાર બની ગયું છે જે લાખો યુવાન ભારતીયો અને તેમનાં પરિવારોને પ્રભાવિત કરી રહ્યું છે. સરકારી અંદાજ મુજબ, 370 મિલિયન (37 કરોડ)થી વધુ ભારતીયો કોઈ ને કોઈ સ્વરૂપે નશાકારક પદાર્થોનું સેવન કરે છે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના 2025ના અહેવાલ મુજબ, દેશભરમાં આશરે 1.34 લાખ કિલોગ્રામ નશાકારક દવાઓ જપ્ત કરવામાં આવી હતી, જેનું અનુમાનિત બજાર મૂલ્ય આશરે 1,980 કરોડ છે.



એ જ વર્ષમાં રેકોર્ડ 42,282 એકરમાં થઈ રહેલી ગેરકાયદેસર અફીણની ખેતીનો નાશ કરવામાં આવ્યો હતો, જે 2020માં માત્ર 10,000 એકરની સરખામણીમાં એક જંગી ઉછાળો છે. આપણે આ વિશે જેટલી વાત કરવી જોઈએ તેટલી કેમ નથી કરતા? શું એ એટલા માટે છે કે આપણને તેમાં રાજકારણ નથી દેખાતું? કડવું સત્ય એ છે કે: નશીલા પદાર્થોનું સેવન એક અત્યંત ગંભીર ચિંતાનો વિષય છે. તે દેશની શારીરિક અને સામાજિક-આર્થિક સુખાકારી પર પ્રતિકૂળ અસર કરે છે. વાસ્તવમાં, તે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં જાહેર આરોગ્ય પર નોંધપાત્ર અસર કરે છે. દારૂ/ડ્રગ્સનું વ્યસન માત્ર સંકળાયેલી વ્યક્તિને જ નહીં, પરંતુ પરિવાર અને સમગ્ર સમાજને પણ અસર કરે છે.

દારૂ સૌથી વધુ ઉપયોગમાં લેવાતો નશો છે, જેમાં 10થી 75 વર્ષની વયનાં લગભગ 160 મિલિયન (16 કરોડ) લોકો હાલમાં તેનું સેવન કરે છે. આશરે 31 મિલિયન (3.1 કરોડ) લોકો ગાંજાનો ઉપયોગ કરે છે, જ્યારે ઓપિઓઈડનો ઉપયોગ (હેરોઈન અને સ્મેક સહિત) 2 ટકાથી વધુ વસતીને અસર કરે છે અને લાખો લોકો સિડેટિવ (ઊંઘની દવા) અને ઈનહેલન્ટ (સૂંઘવાનો નશો) પર નિર્ભર છે. આશ્ચર્યજનક વાત એ છે કે, 8.5 લાખ લોકો ડ્રગ્સના ઈન્જેક્શન લે છે.

10થી 75 વર્ષની વય વચ્ચેનાં લગભગ 16 કરોડ લોકો (14.6%) વર્તમાનમાં દારૂ પીએ છે અને તેમાંથી 5.2% દારૂના વ્યસની બની ચૂક્યાં છે. ●લગભગ 3.1 કરોડ વ્યક્તિઓ (2.8%) ગાંજાના ઉપયોગકર્તા છે અને 72 લાખ (0.66%) લોકો ગાંજા સંબંધિત સમસ્યાઓથી પીડાય છે. ●એકંદર ઓપિઓઈડ ઉપયોગકર્તાઓ 2.06% છે અને લગભગ 0.55% (60 લાખ)ને સારવાર સેવાઓ/આરોગ્ય સેવાની જરૂર છે. ●1.18 કરોડ (1.08%) લોકો સિડેટિવના વર્તમાન ઉપયોગકર્તાઓ છે (તબીબની સલાહ વગર).

●પુખ્ત વયનાં લોકોના 0.58% ની સરખામણીમાં 1.7% બાળકો અને કિશોરો ઈનહેલન્ટના ઉપયોગકર્તા છે. લગભગ 18 લાખ બાળકોને ઈનહેલન્ટના ઉપયોગ માટે મદદની જરૂર છે. 2 ઓગસ્ટના રોજ દેશભરમાં 10,000થી વધુ સ્થળોએ એક કરોડથી વધુ યુવાનોએ એકસાથે ભાગ લીધો હતો અને નશીલા પદાર્થોના સેવન સામે રાષ્ટ્રીય સંકલ્પ લીધો હતો. બાળકોને નશાની લતથી બચાવવા એ ભારત સામે સૌથી મોટા નીતિ વિષયક પડકારોમાંથી એક છે.

સરકારી અને ખાનગી બંને એજન્સીઓના તાજેતરના અહેવાલો સૂચવે છે કે, નાનાં બાળકોમાં નશીલા પદાર્થોના ઉપયોગ અને દુરુપયોગના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. તત્કાળ એ વિચારવાની જરૂરિયાત છે કે, બાળકોને ડ્રગ્સના ઉપયોગથી ઊભાં થતાં જોખમો વિશે કેવી રીતે જાગૃત કરી શકાય. (બાળકની ઉંમર અને તબક્કાને ધ્યાનમાં રાખીને). આપણે આપણાં બાળકોને ડ્રગ્સના ઉપયોગ વિશે જાણકારી આપવી અને પ્રવર્તમાન સાથીદારોના અને સામાજિક દબાણ સામે પ્રતિકાર વિકસાવવા માટે પ્રેરિત કરવાં પડશે.

શાળાનાં બાળકોમાં આત્મવિશ્વાસ અને ખુદને સક્ષમ હોવાની અનુભૂતિ કરવાની ભાવનાને પ્રોત્સાહિત કરવા માટે અસરકારક પગલાં જરૂરી છે, જેથી કિશોરો અને બાળકોમાં જોખમી વર્તનને રોકી શકાય. ઉચ્ચ બેરોજગારી, કારકિર્દીનો તણાવ અને માનસિક સ્વાસ્થ્યના સંઘર્ષો યુવાનોને નશીલા પદાર્થોના સેવન તરફ ધકેલે છે. ભારતના વિરોધી રાષ્ટ્રો આપણા દેશને કમજોર કરવા માટે યુવાનોને લક્ષ્ય બનાવીને આતંકવાદી એજન્ડાના ભાગ રૂપે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારનો ઉપયોગ કરી રહ્યા છે. પંજાબમાં ડ્રોન દ્વારા ડ્રગ્સની ડિલિવરી એ એક મોટી રાષ્ટ્રીય સુરક્ષા કટોકટી છે, જેમાં પાકિસ્તાનમાંથી સીમાપાર થતી ગેરકાયદેસર નશીલા પદાર્થોની તસ્કરી સામેલ છે. વાસ્તવમાં, પંજાબ રાજ્ય ભારતમાં સૌથી વધુ અસરગ્રસ્ત સરહદી પ્રદેશ તરીકે ઊભરી આવ્યું છે. તે અત્યાધુનિક, શસ્ત્રસજ્જ અને સેટેલાઈટ-ગાઈડેડ માનવરહિત એરિયલ વાહનો (યુએવી) માટે પ્રાથમિક લક્ષ્ય છે, જે પ્રતિબંધિત માલ ફેંકે છે.

દેશભરમાં નોંધાયેલી 305 ડ્રોન સંબંધિત ડ્રગ ટ્રાફિકિંગ ઘટનાઓમાંથી, પંજાબ સરહદ પર જ આશ્ચર્યજનક રીતે 298 ઘટનાઓ બની હતી. આ ગેરકાયદેસર ઉડાનના પરિણામે એક જ વર્ષમાં લગભગ 460 કિલોગ્રામ નશાકારક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં 448 કિલોગ્રામ હેરોઈન, 9 કિલોગ્રામ મેથ્એફેટામાઈન (આઈસીઈ) અને 3 કિલોગ્રામ અફીણનો સમાવેશ થાય છે. પાકિસ્તાનમાંથી ઓપરેટ કરતી મોટી ડ્રગ્સ ગેંગ આ યુએવીનો ઉપયોગ જમીની ફેન્સિંગ સિક્યોરિટી સ્તરોને પાર કરીને સ્થાનિક રીસીવર નેટવર્ક સુધી પહોંચવા માટે કરે છે. ગુજરાતનાં બંદરો પર સૌથી વધુ વારંવાર પકડાતા ગેરકાયદેસર ડ્રગ્સમાં મેફેડ્રોન (એમડી) અને મેથ્એફેટામાઈન જેવા સિન્થેટિક ઉત્તેજક પદાર્થો, હેરોઈન અને ટ્રામાડોલ જેવા ઓપિઓઈડ્સ અને ગાંજા તથા ચરસ જેવા ભાંગ-આધારિત પદાર્થોનો સમાવેશ થાય છે.

જો કે, ગુજરાતનાં બંદરો પર જપ્ત કરવામાં આવેલ ઉચ્ચ મૂલ્યના પ્રતિબંધિત માલનો મોટો હિસ્સો અન્ય ભારતીય રાજ્યો અથવા આંતરરાષ્ટ્રીય બજારોમાં મોકલવા માટે હોય છે. આમ છતાં સિન્થેટિક ડ્રગ્સનું સ્થાનિક સ્તરે ઉત્પાદન અને વપરાશ નોંધપાત્ર રીતે વધ્યો છે. 2 ઓગસ્ટના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા'નો પ્રારંભ કરાવ્યો હતો. આ ઝુંબેશ હેઠળ આગામી 100 રવિવારોમાં નશામુક્ત ભારતની દિશામાં 100 મજબૂત પગલાંઓ ઉઠાવવામાં આવશે.

# ચોમાસામાં રાખો જૂતા-ચંપલની સંભાળ દરેક પગલું હશે સુરક્ષિત ને સ્ટાઇલિશ

વરસાદની પહેલી છાંટ જ્યાં એકતરફ ગરમીમાંથી રાહત આપે છે, ત્યાં જ આપણા જૂતા-ચંપલ માટે નવી મુશ્કેલીઓ લઈને આવે છે. પાણી, કાદવ, ભેજ અને લપસણી જગ્યાઓને કારણે મોંઘા જૂતા થોડા જ દિવસોમાં ખરાબ થઈ જાય છે. લેધરના જૂતામાં તિરાડો પડી જાય છે. ચમકતા સ્માર્ટ શૂઝમાંથી દુર્ગંધ આવવા લાગે છે અને ચંપલની પકડ નબળી પડી જાય છે. ઘણા લોકો ચોમાસું પૂરું થાય ત્યાં સુધી પોતાના મનપસંદ જૂતા કબાટમાં સાચવીને રાખી દે છે, પરંતુ આવું કરવાથી જૂતા સુરક્ષિત નથી રહેતા, બલકે ખરાબ થઈ જાય છે. જોકે, જો થોડી સાવચેતી રાખવામાં આવે તો ચોમાસામાં પણ જૂતા સાફ અને સુરક્ષિત રહી શકે છે. ચાલો જાણીએ કે તેના માટે શું કરવું.

સૌપ્રથમ, વરસાદને અનુકૂળ યોગ્ય ફૂટવેર પસંદ કરવાં મહત્ત્વપૂર્ણ છે. ચોમાસામાં લેધરના જૂતા પહેરવાનું બને ત્યાં સુધી ટાળવું જોઈએ, કારણ કે લેધર પાણી ઝડપથી શોષી લે છે, જેનાથી તે તરત જ ખરાબ થઈ જાય છે. તે કડક પણ થઈ જાય છે અને ઘણી વાર ફાટી પણ જાય છે. આ દિવસોમાં પીવીસી, ઈવીએ ફોમ, રબર અને ઝડપથી સુકાઈ જાય તેવા સિન્થેટિક મટીરિયલના જૂતા અને સેન્ડલ પહેરવા માટે યોગ્ય વિકલ્પ છે.

આ ફૂટવેર હલકાં હોય છે, ઝડપથી સુકાઈ જાય છે અને તેમાં લપસવાની શક્યતા પણ ઓછી રહે છે, પરંતુ આ ફૂટવેર સાથે પણ એક વાત હંમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે જ્યારે પણ બહારથી ઘરે આવો ત્યારે જૂતાને સાફ કર્યા વગર ક્યારેય રેકમાં ન મૂકવા જોઈએ.

જો જૂતા ગંદા થઈ ગયા હોય તો સૌથી પહેલાં સાફ પાણીથી તેને ધોઈ લો, પછી નરમ કપડા કે બ્રશથી તેને સારી રીતે લૂછી લો. જૂતાને સાફ અને સૂકવીને જ રેકમાં મૂકવા જોઈએ. જો જૂતા પર ડાઘ રહી જાય તો તેને હળવા સાબુવાળા પાણીથી સાફ કરી લેવા જોઈએ. જ્યારે જૂતા ગંદા થાય ત્યારે જ તેને સાફ કરવા જોઈએ, એવું ન વિચારતા કે પછી કરી લઈશું. જો લાંબા સમય સુધી જૂતામાં ગંદકી ચોંટેલી રહે, તો જૂતાનો રંગ અને કાપડ બંને ખરાબ થઈ જાય છે.



વરસાદમાં જ્યારે જૂતા પલળી જાય ત્યારે તેને તડકામાં ન સૂકવવા જોઈએ. મોટાભાગના લોકો આ જ ભૂલ કરે છે. યાદ રાખો કે પ્રખર તડકો કે હીટરની ગરમી જૂતાના ગુંદરને નબળો પાડી શકે છે અને તેનો આકાર પણ બગાડી શકે છે. તેને બદલે જૂતાની અંદર છાપું કે ટિશ્યૂ પેપર ભરી દો જેથી તે તેનો ભેજ શોષી લે અને પછી તેને હવા ઉજાસવાળી જગ્યાએ રાખીને કુદરતી રીતે સુકાવા દો.

આ દિવસોમાં જૂતામાંથી દુર્ગંધ આવવાની પણ એક સમસ્યા ઊભી થાય છે, કારણ કે સતત પાણી અને કાદવના સંપર્કમાં રહેવાને લીધે બૅક્ટેરિયા અને ફૂગ ઝડપથી વધે છે. આનાથી બચવા માટે જૂતાને પૂરેપૂરા સુકાવા દો. અઠવાડિયામાં એક કે બે વાર તેમાં બેકિંગ સોડા છાંટીને રાતભર છોડી દો અને સવારે તેને ખંખેરી લો. તમે ઈચ્છો તો એન્ટિ-ફંગલ, ફૂટ પાવડર કે શૂ-ડિયોડ્રન્ટનો પણ ઉપયોગ કરી શકો છો.

બીજી ઋતુઓમાં રોજ એક જ જોડી જૂતા સતત પહેરીને ઘરની બહાર જાવ તો ચાલી જાય, પરંતુ વરસાદના દિવસોમાં ઓછામાં ઓછી બે જોડી જૂતા રાખો. જો રોજ એક જ જોડી પહેરશો તો આખી ઋતુમાં તેને પૂરેપૂરા સુકાવાનો ક્યારેય મોકો નહીં મળે. એટલા માટે જ કહેવાય છે કે ચોમાસામાં ઓછામાં ઓછી બે જોડી જૂતા ચોક્કસ રાખો અને તેને વારાફરતી પહેરો.

આનાથી તેમનું આયુષ્ય પણ વધશે અને દુર્ગંધ જેવી સમસ્યા પણ નહીં રહે. આ દિવસોમાં જૂતાના ઈનસોલનું પણ ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે આ જ એ વસ્તુ છે જે જૂતાનો ભેજ શોષી લે છે. જો શક્ય હોય તો તેને કાઢીને અલગથી સૂકવો. આજકાલ બજારમાં એન્ટિ-બૅક્ટેરિયલ અને ક્વિક-ડ્રાય ઈનસોલ પણ મળે છે જે ચોમાસા માટે સારા સાબિત થાય છે.

ચોમાસામાં જૂતાને બંધ પ્લાસ્ટિક બેગમાં રાખવાનું ટાળો. આનાથી ભેજ અંદર જ ભરાઈ રહે છે અને પછી તેના લીધે જૂતામાં ફૂગ લાગી જાય છે. એટલા માટે વરસાદના દિવસોમાં જૂતાને સૂકી અને હવા ઉજાસવાળી રેકમાં જ રાખો. સિલિકા જેલનાં નાનાં પૅકેટ અથવા ભેજ શોષી લેતી વસ્તુઓ પણ આ દિવસોમાં જૂતાના કબાટમાં રાખી શકાય છે.

એક બીજી વાતનું પણ ધ્યાન રાખો કે જૂતા સુંદર હોય તે ઠીક છે, પણ તેમની સુંદરતા કરતાં પણ વધુ જરૂરી એ છે કે તે મજબૂત અને સુરક્ષિત હોય. એટલા માટે વરસાદની ઋતુમાં એવા જૂતા પસંદ કરો જેના સોલ પર સારી ગ્રીપ હોય, ઘસાઈ ગયેલા સોલવાળા જૂતા વરસાદમાં અકસ્માતનું કારણ બની શકે છે.

જો સોલ ઘસાઈ ગયો હોય તો સમય રહેતાં તેને બદલાવી લેવો જોઈએ. સાથે જ કેનવાસ કે ફેબ્રિકના જૂતાને મશીનમાં વારંવાર ધોવાનું ટાળવું જોઈએ, કારણ કે તેનાથી તેમનો આકાર બગડી શકે છે. આ જૂતાને હાથથી હળવા ડિટર્જન્ટથી સાફ કરો અને હવામાં સૂકવો.

જો આ રીતે સજાગ રહેશો તો વરસાદની ઋતુ જૂતા અને ચંપલની દુશ્મન સાબિત નહીં થાય. નિયમિત સફાઈ અને યોગ્ય સાચવણીથી મોંઘામાં મોંઘા ફૂટવેર પણ આ દિવસોમાં પહેરી શકાય છે. કપડાં ભલે ગમે તેટલા સારા હોય, પણ વ્યક્તિની અસલી શાન તો સારા જૂતાથી જ થાય છે. એટલા માટે જૂતાની સંભાળ રાખવી જ જોઈએ.

ચોમાસામાં જૂતાની સાચવણીના સોનેરી નિયમો

* વરસાદમાં નિયમિત પહેરવા માટે ઓછામાં ઓછી બે જોડી જૂતા રાખો.
* આ દિવસોમાં લેધર ફૂટવેર પહેરવાનું ટાળો તો વધારે સારું.
* જ્યારે પણ જૂતા ગંદા થાય ત્યારે તેને સાફ પાણીથી સાફ કરો.
* જૂતાને ક્યારેય પ્રખર તડકામાં કે હીટર પાસે ન સૂકવો.
* જૂતાનો ભેજ દૂર કરવાનો રસ્તો એ છે કે તેમાં અખબાર ભરીને રાખી દો.
* હંમેશાં સારી ગ્રીપવાળા સોલ જ પસંદ કરો.
* વરસાદના દિવસોમાં જૂતાને પ્લાસ્ટિક બૅગમાં રાખવાનું ટાળો.
* આ દિવસોમાં તમારા પગ સ્વચ્છ અને સુકા રાખો, તો જ તમારા જૂતા લાંબા સમય સુધી સુરક્ષિત રહેશે.

**સૌપ્રથમ, વરસાદને અનુકૂળ યોગ્ય ફૂટવેર પસંદ કરવાં મહત્ત્વપૂર્ણ છે. ચોમાસામાં લેધરના જૂતા પહેરવાનું બને ત્યાં સુધી ટાળવું જોઈએ, કારણ કે લેધર પાણી ઝડપથી શોષી લે છે, જેનાથી તે તરત જ ખરાબ થઈ જાય છે. તે કડક પણ થઈ જાય છે અને ઘણી વાર ફાટી પણ જાય છે. આ દિવસોમાં પીવીસી, ઈવીએ ફોમ, રબર અને ઝડપથી સુકાઈ જાય તેવા સિન્થેટિક મટીરિયલના જૂતા અને સેન્ડલ પહેરવા માટે યોગ્ય વિકલ્પ છે.**

# સોહેલ ખાન સાથેના લગ્નને ભાભીએ 'ટોક્સિક' ગણાવતાં ખફા થયા 'ભાઈજાન'

## ભાઈને મૂવ ઓન થવાની આપી સલાહ



મુંબઈ: બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન એક શોના અલાયન્સમાં ગેસ્ટ બન્યા હતા. ફિનાલે વીકમાં 'ભાઈજાન' પોતાના ભાઈ સોહેલ ખાનને સપોર્ટ કરવા પહોંચ્યા હતા. શોમાં જઈને સલમાન ખાન બધાનું ધ્યાનનું કારણ બન્યો હતો. પોતાના ભાઈને આગળ વધવા માટે પણ પ્રોત્સાહિત કર્યો હતો. સલમાને પોતાના જેલના મુશ્કેલીના દિવસોને પણ યાદ કર્યા હતા. આ શૉના કન્ટેસ્ટન્ટ્સએ દબંગ ખાનને હેડક્વાર્ટરની ટૂર કરાવ્યો હતો. આ રીતે ભાઈજાનની આ વિઝિટ સફળ રહી હતી.

બંને ભાઈઓના મિલને ચાહકોને ખુશ કરી દીધા હતા. સલમાને સોહેલ અને સીમાના છૂટાછેડા વિશે વાત કરતા કહ્યું કે લગ્ન તૂટવાની અસર ફક્ત સોહેલ પર પડી નહોતી, પરંતુ તેના પર પણ પડી હતી. સલમાને સ્વીકાર્યું હતું કે સોહેલ-સીમાને સામસામે જોઈને તેમની મુશ્કેલી પણ વધી ગઈ હતી, પરંતુ બંનેએ ડિગ્નિટી અને ગ્રેસ સાથે આ શોમાં પોતાની સફર કરી હતી. સલમાનના મતે આ અંતરે સોહેલને અંદરથી સંપૂર્ણપણે હચમચાવી નાખ્યો હતો. આજ સુધી તે આ સ્થિતિમાંથી ઉગરી શક્યો નથી. અભિનેતાએ ભાઈને મૂવઓન કરવા અને અન્ય કોઈને ડેટ કરવાનું કહ્યું હતું.

સલમાને શોથી નીકળ્યા બાદ સીમાના ઈન્ટરવ્યૂનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં તેણે સોહેલ સાથે લગ્નને ટોક્સિક ગણાવ્યા હતા. હવે સોહેલ અને સીમા કડવાશ ભૂલીને સારી રીતે જીવન વિતાવે છે. સલમાન ખાને માન્યું કે જયારે બંને છુટ્ટા પડ્યા ત્યારે પરિવાર માટે તે સમય અત્યંત દુ:ખદાયક રહ્યો હતો.

વાતવાતમાં સલમાને જૂના દિવસો યાદ કર્યા હતા. સલમાને કહ્યું કે સોહેલે સૌથી પહેલા પરિવારને જણાવ્યું કે તે સીમા સાથે સંબંધમાં છે. સલમાન તે સમયે ફિલ્મ 'હમ દિલ દે ચુકે સનમ'ની શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે સોહેલનો ફોન આવ્યો અને તેણે જણાવ્યું હતું કે તેને જીવનસાથી મળી ગઈ છે અને તે સીમા સાથે લગ્ન કરવા ઈચ્છે છે.

એ શોના સેટ પરથી પરત ફરતી વખતે સલમાન ભાવુક બનીને સોહેલને ગળે મળ્યો હતો. અભિનેતાએ સોહેલને વીડિયો કોલ પર તેના દીકરા સાથે વાત કરાવી હતી. સોહેલે દીકરા સાથે વંશજની મેચ્યોરિટીના વખાણ કર્યા હતા. સલમાન ખાને 23 વર્ષીય વંશજની મેચ્યોરિટી અને નીડરતા અંદાજની સરાહના કરી હતી. સલમાનને મળીને બધા ખુશ થયા હતા. હવે આ વીકમાં શોનું ફિનાલે છે, તો જોવાનું રહ્યું કે આ શો કોણ જીતે છે.

# પ્રીતિ ઝિન્ટા સાથે અફેરની ચર્ચા અંગે બ્રેટ લીએ 16 વર્ષ બાદ તોડ્યું મૌન

## 2008થી 2011 વચ્ચે ઉડી હતી અફવા : અંગત જીવનની વાત કરીએ તો બ્રેટ લીએ 2006માં એલિઝાબેથ કેમ્પ સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને એક દીકરો છે





મુંબઈ: ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના ફાસ્ટ પૂર્વ બોલર બ્રેટ લી ચર્ચામાં રહેતા હોય છે. એક સમય હતો જયારે તેણે બૉલિવૂડમાં પણ પોતાનું નસીબ અજમાવ્યું હતું, પરંતુ કમાલ કરી શક્યો નહોતો જોકે, એ વખતે બ્રેટ લીની ડિમ્પલ ગર્લ પ્રીતિ ઝિન્ટા સાથે ડેટિંગની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. કેટલાય વર્ષો સુધી આ વાતે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. હવે 16 વર્ષ બાદ ક્રિકેટરે મૌન તોડતા ડેટિંગની આ વર્ષો જૂની અફવાઓ પર ખુલીને સ્પષ્ટતા કરી હતી. બ્રેટ લીએ જણાવ્યું કે અમારી વચ્ચે ક્યારેય કોઈ રોમાન્ટિક સબંધ નહોતો. બંને એકબીજાના સારા મિત્રો રહ્યા છે અને તે પ્રીતિનું ખૂબ સન્માન કરે છે.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન જયારે બ્રેટ લીએ વાત કરતા જણાવ્યું કે પ્રીતિ સાથે તેમની મિત્રતા સારી છે અને તે સમયે જયારે તેઓ મિત્ર બન્યા ત્યારે પ્રીતિ પંજાબ કિંગ્સ ટીમની કો-પાર્ટનર હતી. તે અત્યંત સમજદાર મહિલા છે અને આ ખબરોથી ક્યારેય તેઓ મુશ્કેલીમાં નથી પડ્યા કેમ કે તેઓ સત્ય જાણતા હતા. લોકો જે પણ અટકળો લગાવે પણ તેની અસર તેના પર થવા દીધી નહોતી. ડિમ્પલ ગર્લ પ્રીતિ અને બ્રેટ લીના અફેરની અફવા 2008થી 2011 દરમિયાન ઉડી હતી. તે સમયે બ્રેટ લી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં પંજાબ કિંગ્સ ટીમનો ભાગ હતા. મુંબઈના એક રેસ્ટોરામાં બંને સાથે દેખાયા બાદ અફવાએ જોર પકડ્યું હતું. જોકે, વર્ષ 2010માં જ પ્રીતિ ઝીન્ટાએ આ ખબરો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. પ્રીતિએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે દર વર્ષે બ્રેટ લી સાથે નામ જોડવું જૂની વાત થઈ ગઈ છે, તેઓ ફક્ત સારા મિત્રો છે.

બંનેનું અંગત અને વ્યવસાયિક જીવન લીએ 2014માં લાના એન્ડરસન સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને બે બાળકો છે. જયારે પ્રીતિ ઝીન્ટાએ 2016માં લોસ એન્જલસમાં જિન ગુડઈનફ સાથે લગ્ન કર્યા હતા. વર્ષ 2021માં



# ધકધક ગર્લ માધુરી દીક્ષિતે કરોડોમાં વેચી મુંબઈની પ્રોપર્ટી, મળ્યુ અધધધ રિટર્ન...

બોલીવૂડની 'ધક ધક ગર્લ' માધુરી દીક્ષિત ફરી એકવાર પોતાની કરોડો રૂપિયાની રિયલ એસ્ટેટ ડીલને કારણે ચર્ચામાં આવી છે. મળતી માહિતી મુજબ ધકધક ગર્લ માધુરી દીક્ષિતે મુંબઈના પોશ વિસ્તાર અંધેરી વેસ્ટમાં આવેલી પોતાની એક આલીશાન કોમર્શિયલ ઓફિસ કરોડો રૂપિયામાં વેચી દીધી છે. ખાસ વાત એ છે કે આ પ્રોપર્ટીમાંથી તેમને આશરે અઢાર વર્ષ બાદ જબરદસ્ત વળતર મળ્યું છે. ચાલો જોઈએ શું છે આખી સ્ટોરી વિસ્તારથી...

પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજોના ડેટા અનુસાર, માધુરી દીક્ષિતે મુંબઈના અંધેરી વેસ્ટમાં આવેલો પોતાનો કોમર્શિયલ ઓફિસ સ્પેસ 4.85 કરોડ રૂપિયામાં વેચી દીધી છે. આ ઓફિસ સ્પેસ 'ફ્રેમ્સ પ્રોડક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા ખરીદવામાં આવ્યો છે અને આ સોદાનું રજિસ્ટ્રેશન 23મી જૂન, 2026ના રોજ થયું હતું. રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર માધુરીએ 14મી મે, 2008ના રોજ આ ઓફિસ માત્ર 52.5 લાખ રૂપિયામાં ખરીદી હતી. વર્તમાન કિંમતના હિસાબે આ પ્રોપર્ટીના મૂલ્યમાં લગભગ 824 ટકા એટલે કે આશરે 9 ગણો જંગી વધારો થયો છે. અંધેરી વેસ્ટમાં લિંક રોડ પાસે ઓશિવારા ખાતે સ્થિત 'મૌર્યા લેન્ડમાર્ક-II પ્રેમાઈસિસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ' બિલ્ડિંગના ચોથા માળે આ ઓફિસ આવેલી છે. આ ઓફિસનો કાર્પેટ એરિયા 1,594.24 સ્ક્વેર ફીટ છે. આ ડીલ પર 29.10 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી હતી અને તેમાં 3 કાર પાર્કિંગ સ્પેસ પણ સામેલ છે. અંધેરીની પ્રોપર્ટી વેચવા ઉપરાંત, માધુરી દીક્ષિતે માર્ચ, 2026માં મુંબઈના લોઅર પરેલમાં આવેલા 'વન લોઢા પ્લેસ' માં 731 સ્ક્વેર ફીટનો કોમર્શિયલ ઓફિસ સ્પેસ પાંચ વર્ષ માટે લીઝ પર એટલે કે ભાડા પર લીધી છે. આ સ્પેસનું કુલ ભાડું 2.81 કરોડ રૂપિયા છે અને પ્રથમ વર્ષનું માસિક ભાડું 4.25 લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.






# તૃષાના અપમાન પર ભડકી ખુશ્બુ સુંદર! નાયબ પ્રધાન ઉદયનિધિ સ્ટાલિન પાસે માંગી જાહેર માફી

ચેન્નઈ: હાલમાં જ તમિલનાડુના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને અભિનેતા એવા ઉદયનીધિ સ્ટાલિન એક પબ્લિક સ્પીચ દરમિયાન સાઉથની અભિનેત્રી તૃષા કૃષ્ણન પર અભદ્ર ટિપ્પણીના લીધે વિવાદોમાં ઘેરાઈ ગયા છે. લોકો આ ટિપ્પણીના લીધે તેમની આકરી ટીકા કરવામાં આવી રહી છે. મામલો એટલી હદે આગળ વધી ચૂક્યો હતો કે પોલીસ દ્વારા તેની અટકાયત પણ કરવામાં આવી છે. તમિલનાડુના મુખ્ય પ્રધાન અને અભિનેતા વિજય વિશે વાત કરીને અભિનેત્રી તૃષા કૃષ્ણન પર ડબલ મીનિંગ કમેન્ટ કરીને આરોપ લાગ્યા બાદ અભિનેત્રી કમ રાજકારણી ખુશ્બુ સુંદરે પણ સ્ટાલિનની આકરી ટીકા કરી હતી. તેની સ્પીચને 'અભદ્ર' કહેતા તેણે ઉદયનિધિને તૃષાની માફી માંગવા માટે કહ્યું છે.

ખુશ્બુએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક દેવીની તસ્વીર પોસ્ટ કરીને લખ્યું હતું કે 'ભગવાન નબળા લોકોની પરીક્ષા નથી લેતા પણ તે પસંદ કરેલા લોકોને વધુ શક્તિ આપે છે.' આગળ તેણે ઉદયનીધિ પર ટિપ્પણી કરતા લખ્યું કે 'ઉદયનીધિ સ્ટાલિનનું ભાષણ સાંભળ્યું હતું. આ અભદ્ર અને અત્યંત અપમાનજનક હતું, આ તેવી રાજકીય સંસ્કૃતિને દર્શાવે છે જેને અપનાવવા માટે તે ઉત્સુક દેખાય છે.' તેણે આગળ લખ્યું કે 'મહિલાઓ સાથે દુર્વ્યવહાર અને તેમનું અપમાન કરીને રાજકીય પ્રદર્શન કરતા અને પોતાના વફાદાર સમર્થકોની તાળીઓ, સીટીઓ અને હાસ્યનો આનંદ લેતા લોકો પાસે શું આશા રાખી શકાય?, મારાથી વધારે તેમને કોણ ઓળખી શકે છે?'

# અત્યારે સારા ગીતકારોનો સૌથી વધુ અભાવ છે : લલિત પંડિત



દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'કુછ કુછ હોતા હૈ', 'જો જીતા વહી સિકંદર', 'ફના' અને 'હમ તુમ' જેવી ફિલ્મોનું સંગીત આપનાર લલિત પંડિત સાંઈ બાબાને સમર્પિત ભક્તિ ગીત 'સાઈ નામ સાંચા' લઈને આવ્યા છે. આમાં હરિહરન, ઉદિત નારાયણ, શાન, જાવેદ અલી, બેલા શેંડેની સાથે નવી પેઢીના કલાકારોને પણ તક મળી છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેમણે નવા ભજન, 90ના દાયકાના સંગીત, દીકરાઓના કરિયર, શાહરુખ ખાન અને આજની મ્યુઝિક ઈન્ડસ્ટ્રી પર વાત કરી. તમે રોમેન્ટિક ગીતોથી લોકોના દિલ જીત્યા. હવે સાંઈ બાબા પર ભક્તિ ગીત 'સાઈ નામ સાંચા' લઈને આવ્યા છો.

# ભારતના પ્રજ્ઞાનંદે સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝનો ખિતાબ જીત્યો




ભારતના ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ 2026નો ખિતાબ જીતી લીધો. અમેરિકામાં રમાયેલી ગ્રાન્ડ ચેસ ટૂરની આ ટુર્નામેન્ટમાં તેમણે રેપિડ મુકાબલાઓમાં બનાવેલી સરસાઈને બ્લિટ્ઝ રાઉન્ડમાં પણ જાળવી રાખી અને ટ્રોફી પોતાના નામે કરી. પ્રજ્ઞાનંદાએ રેપિડ સેક્શનના 9 રાઉન્ડ પછી 18માંથી 12 પોઈન્ટ મેળવીને પોઈન્ટ્સ ટેબલમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. આ દરમિયાન તેણે જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવ્યો, જ્યારે નેધરલેન્ડ્સના અનિશ ગિરી સામેનો મુકાબલો ડ્રો રહ્યો. રેપિડમાં મળેલી સરસાઈએ તેને ટુર્નામેન્ટના બાકીના રાઉન્ડમાં મજબૂત સ્થિતિમાં રાખ્યો. બ્લિટ્ઝ રાઉન્ડમાં પણ પ્રજ્ઞાનંદાએ સતત સારું પ્રદર્શન કર્યું.




# ઝહીર ખાને લંકા પ્રીમિયર લીગમાં ટીમ ખરીદી : જાફનાના સહ-માલિક બન્યા

## ઝહીરે કહ્યું- શ્રીલંકન ક્રિકેટ સાથે જોડાઈને ઉત્સાહિત છું : દ્રવિડ, યુવરાજ અને તેંડુલકર પણ ટીમ ખરીદી ચૂક્યા છે




પૂર્વ ક્રિકેટર ઝહીર ખાને લંકા પ્રીમિયર લીગમાં ટીમ ખરીદી છે. તેઓ જાફના ફ્રેન્ચાઈઝીના કો-ઓનર બન્યા છે. ઝહીરે એન્કર સ્પોર્ટ્સ એબી સાથે ટીમને ટેકઓવર કરી, જે બાદ તેનું નામ બદલીને 'એન્કર જાફના કિંગ્સ' કરવામાં આવ્યું છે. ઝહીર પહેલાં રાહુલ દ્રવિડ, યુવરાજ સિંહ અને સચિન તેંડુલકર જેવા ભારતીય દિગ્ગજોએ પણ અલગ-અલગ T20 લીગમાં ટીમમાં રોકાણ કર્યું છે.

ઝહીર ખાને કહ્યું કે તેમણે હંમેશા શ્રીલંકાના બોલિંગ ટેલેન્ટની પ્રશંસા કરી છે. તેમણે શ્રીલંકામાં ઘણું ક્રિકેટ રમ્યું છે અને તેમની ત્યાંથી જોડાયેલી ઘણી સારી યાદો છે.

ઝહીરે કહ્યું કે હવે માલિક તરીકે શ્રીલંકા ક્રિકેટનો ભાગ બનવું તેમના માટે ખૂબ જ રોમાંચક છે અને તેઓ એન્કર જાફના કિંગ્સ સાથે કામ શરૂ કરવા માટે ઉત્સાહિત છે.

લંકા પ્રીમિયર લીગના ટૂર્નામેન્ટ ડિરેક્ટર સામંથા ડોડનવેલાએ ઝહીર ખાનના જોડાવા પર ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ઝહીર જેવી કદની વ્યક્તિનું ટીમ સાથે જોડાણ આખી લીગ માટે એક મોટો બૂસ્ટ છે.

# કાશ્મીરના ફાઇટરે વર્લ્ડ ચેમ્પિયનને હરાવ્યા પછી સૌથી પહેલાં ભારતનો આભાર માન્યો



શ્રીનગર: કાશ્મીરના પુલવામામાં રહેતા ઓવૈસ યાકૂબ નામના મિક્સ્ડ માર્શલ આર્ટસ (એમએમએ) ફાઈટરે બલ્ગેરિયાના ડેલ્યાન જ્યોર્ગિવને હરાવીને દેશને ગૌરવ અપાવ્યું અને મંગળવારે તે પાછો આવ્યો ત્યારે પુલવામામાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યાકૂબે સ્વદેશ પાછા આવ્યા બાદ કહ્યું, `સૌથી પહેલાં હું ભારતનો આભાર માનું છું. આજે માત્ર આ વિસ્તાર જ નહીં, પણ સમગ્ર ભારત દેશ મારી જીત સેલિબ્રેટ કરી રહ્યો છે.' યાકૂબ સામે પરાજિત થનાર જ્યોર્ગિવ આઈએમએમએએનો વર્લ્ડ ચૅમ્પિયન છે. યાકૂબે પત્રકારોને કહ્યું, `આખું ભારત મારી જીતની ઉજવણી કરે છે એવું મને લાગી રહ્યું છે. આ દેશમાંથી ઘણાએ મને આ મુકાબલા માટે નૈતિક ટેકો આપ્યો હતો. 16 લાખથી પણ વધુ લોકોએ મારી આ ફાઈટ ટીવી અને ઍપ પર લાઈવ જોઈ હતી.' 28 વર્ષના યાકૂબે રશિયાના ચૅમ્પિયન ફાઈટરો પાસેથી તાલીમ લીધી હતી. તેની હવે પછીની ફાઈટ ઈસ્તંબુલમાં છે. આ મુકાબલો આ મહિનાના અંતમાં યોજાશે. યાકૂબે કહ્યું, `હું ભારતથી ગયો ત્યારે મને ઈજાને લીધે ખભો અને પગમાં ખૂબ દુખાવો હતો. જોકે હું મુકાબલાના સ્થળે પહોંચ્યો ત્યારે મને તાવ પણ આવ્યો હતો. જોકે મેં મારા મુકાબલા પરથી ધ્યાન નહોતું હટાવ્યું અને જીતીને રહ્યો.'

# ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં બદલાવની તૈયારી : શ્રીલંકા ટેસ્ટ સિરીઝ પછી ફિઝિયો અને ડોક્ટરની ભૂમિકા પર થઈ શકે છે નિર્ણય

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ખેલાડીઓની સતત વધી રહેલી ઈજાઓને લઈને ગંભીર બન્યું છે. બોર્ડ ટૂંક સમયમાં ટીમના મુખ્ય ફિઝિયો કમલેશ જૈનના કામકાજની સમીક્ષા કરશે

કમલેશ 2022માં નિતિન પટેલની જગ્યાએ ભારતીય ટીમના મુખ્ય ફિઝિયો બન્યા હતા. તાજેતરના મહિનાઓમાં ઘણા મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત થયા છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આ યાદીમાં સામેલ થનાર તાજેતરનો ખેલાડી છે.

બુમરાહ ઉપરાંત હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડી પણ ઈજાને કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતા. વોશિંગ્ટન સુંદર પ્રથમ ટેસ્ટ રમી શક્યો નહોતો અને બીજી ટેસ્ટમાં પણ તેના રમવા પર શંકા છે. જ્યારે સાઈ સુદર્શનને પણ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) તરફથી ફિટનેસ ક્લિયરન્સ મળ્યા પછી જ ટીમમાં સામેલ કર્યો હતો.

ઈંગ્લેન્ડમાં તાજેતરમાં યોજાયેલી વ્હાઈટ-બોલ સિરીઝ દરમિયાન આ વિષય પર ઘણી વખત ચર્ચા થઈ છે. કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીર ખેલાડીઓના વારંવાર ઈજાગ્રસ્ત થવાથી નાખુશ છે. બંને માટે આ સમય નિરાશાજનક રહ્યો છે, કારણ કે તેમને ફિટનેસ સમસ્યાઓના કારણે તેમની પ્રથમ પસંદગીની ટીમ સાથે રમવાનો મોકો મળ્યો નથી.

લોર્ડ્સમાં મળેલી હાર પછી ગિલે કહ્યું હતું કે સવારે મેદાન પર આવીને એ જાણવું કે કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત છે, તે ખૂબ મુશ્કેલ હોય છે. તેમણે કહ્યું કે જો કોઈ ખેલાડી 80 ટકા ફિટ હોય અને તમે પાંચ બોલરો સાથે રમી રહ્યા હો, તો આવા સંજોગોમાં જો તે ખેલાડી પાંચ ઓવર પછી બહાર થઈ જાય, તો બોલિંગ કોણ કરશે. તેણે સ્વીકાર્યું કે ટીમને પોતાની ફિટનેસમાં સુધારો કરવાની જરૂર છે.

વધતી ઈજાઓ વચ્ચે બેંગલુરુ સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE) અને મેડિકલ સપોર્ટ સિસ્ટમ પર પણ સવાલો ઉઠી રહ્યા છે. સૂત્રો અનુસાર, કેટલાક સિનિયર ખેલાડીઓ સારવાર અને સલાહ માટે BCCI બહારના નિષ્ણાતોનો પણ સંપર્ક કરી રહ્યા છે. આ ઉપરાંત, પૂર્વ સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ સોહમ દેસાઈની જગ્યાએ એડ્રિયન લે રૂના આગમન પછી થયેલા ફેરફારોને લઈને પણ કેટલાક ખેલાડીઓ સંપૂર્ણપણે સહજ નથી.



### બોર્ડ જવાબદારી નક્કી કરવાની તૈયારીમાં

BCCI સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું કે જ્યારે કેપ્ટન અને કોચને તેમની પ્રથમ પસંદગીના 15 ખેલાડીઓ જ ઉપલબ્ધ નહીં હોય, ત્યારે શ્રેષ્ઠ પ્લેઈંગ-11 પસંદ કરવું મુશ્કેલ બનશે. સૂત્ર અનુસાર, ટીમમાં સ્થાન મેળવવાની સખત સ્પર્ધાને કારણે ઘણા ખેલાડીઓ પોતાને જરૂર કરતાં વધુ દબાણ હેઠળ મૂકે છે. આવી સ્થિતિમાં, સપોર્ટ સ્ટાફ અને સેન્ટર ઑફ એક્સેલન્સની જવાબદારી છે કે તેઓ સમયસર ખેલાડીઓની ફિટનેસ પર યોગ્ય નિર્ણય લે અને જોખમ ન ઉઠાવે.

# પાકિસ્તાન જીતની નજીક: વેસ્ટ ઇન્ડીઝની બીજી ઇનિંગમાં 6 વિકેટ પડી, લીડ માત્ર 60 રન : તમામ વિકેટ સાજીદ-ઉસ્માને લીધી

ત્રિનિદાદ અને ટોબેગોની રાજધાની પોર્ટ ઓફ સ્પેનના ક્વીન્સ પાર્ક ઓવલમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટના ત્રીજા દિવસે પાકિસ્તાને મેચ પર મજબૂત પકડ જમાવી લીધી. વેસ્ટ ઈન્ડીઝને પ્રથમ દાવમાં 344 રન પર ઓલઆઉટ કર્યા બાદ પાકિસ્તાને 387 રન બનાવીને 43 રનની લીડ મેળવી. તેના જવાબમાં યજમાન ટીમે દિવસનો ખેલ સમાપ્ત થવા સુધી પોતાની બીજી ઈનિંગ્સમાં 6 વિકેટે 103 રન બનાવ્યા. તેની લીડ હવે માત્ર 60 રનની રહી ગઈ છે. આવી સ્થિતિમાં ચોથા દિવસે પાકિસ્તાન સામે નાનો ટાર્ગેટ આવવાની અપેક્ષા છે અને ટીમ જીતની મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. ત્રીજા દિવસનો છેલ્લો સત્ર મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. શરૂઆતમાં વેસ્ટ ઈન્ડીઝના ઓપનિંગ બેટર્સે પાકિસ્તાનની લીડ ખતમ કરી દીધી હતી, પરંતુ ત્યારબાદ સ્પિનર સાજીદ ખાન અને અલી ઉસ્માને સતત વિકેટો લઈને મેચનો રુખ પાકિસ્તાન તરફ વાળી દીધો.

# તાપી જિલ્લાના કાકરાપારમાં SMCનો દરોડા : લાખોનો વિદેશી દારૂ ઝડપતા પોલીસની નિષ્ક્રિયતા ખુલ્લી પડી!

### તાડકુવામાં ગોચરની જગ્યામાં ચાલતા દારૂના મોટો કૌભાંડમાં 3 પકડાયા, 3 વોન્ટેડ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વ્યારા**

ગુજરાતમાં નશાબંધીનો કાયદો માત્ર કાગળ પર જ મજબૂત છે, તે વાત તાપી જિલ્લાના કાકરાપાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી તાજેતરની ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધી છે. ખુલ્લી ગોચરની જમીનમાં બપોરના સમયે કિયા સેલ્ટોસ અને ક્રેટા જેવી મોંઘીદાટ ગાડીઓમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઉતારાઈ રહ્યો હોય અને સ્થાનિક પોલીસને તેની 'માહિતી' પણ ન હોય, તે વાત સામાન્ય નાગરિકના ગળે ઉતરે તેવી નથી. ગાંધીનગરથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે આવીને પાડેલા દરોડામાં રૂ. ૪૯.૫૭ લાખનો મુદ્દામાલ અને ૬,૪૪૪ બોટલ દારૂ ઝડપી પાડીને માત્ર બુટલેગરોની જ નહીં, પરંતુ સ્થાનિક પોલીસની પણ પોલ ખોલી નાખી છે. જો ગાંધીનગર સ્થિત SMC ને વ્યારાના તાડકુવા ગામના કાટગઢ ફળીયાની અંદર ચાલતા કૌભાંડની સચોટ બાતમી મળી શકતી હોય, તો આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી કાકરાપાર પોલીસ અને તેનો ઈન્ટેલિજન્સ સ્ટાફ શું કરી રહ્યો હતો? દમણથી સીધો દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવે, વાહનો પર બનાવટી નંબર પ્લેટો લગાવીને ફેરવવામાં આવે અને સ્થાનિક બીટ ઈન્ચાર્જને ખબર સુદ્ધાં ન પડે? લોકમુખે ચર્ચાતી વાતો મુજબ, આ કોઈ બેદરકારી નથી પરંતુ 'હપ્તા પ્રથા' અને 'રહેમરાહ'નું આડકતરું પરિણામ હોવાની છબિ ઉપસી આવે છે. દરોડા દરમિયાન જે રીતે ફેક નંબર પ્લેટો (DD-01-A-0657 અને GJ-15-CP-9842) વાપરીને પોલીસની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ થયો છે, તે દર્શાવે છે કે બુટલેગરોના હોંસલા કેટલા બુલંદ થઈ ચૂક્યા છે. પકડાયેલા આરોપીઓ અને ફરાર થઈ ગયેલા મુકેશ ઉર્ફે મુન્ના ગામીત કે દમણના સપ્લાયર રિતેશ ઉર્ફે રીતલા જેવા તત્વોને કાયદાનો કોઈ ભય જ રહ્યો નથી. અગાઉ પણ અનેક કેસોમાં જોવા મળ્યું છે કે SMC ના દરોડા બાદ માત્ર બુટલેગરો સામે જ કાર્યવાહી કરીને સંતોષ માની લેવાય છે, જ્યારે બેદરકાર અધિકારીઓ છટકી જાય છે. પરંતુ હવે પ્રશ્ન એ છે કે શું માત્ર ચોકી ઈન્ચાર્જ કે જમાદાર સામે જ પગલાં ભરાશે? જ્યાં સુધી કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ જ પોતાના વિસ્તારમાં ચાલતા કાળા કારોબાર પ્રત્યે આંખ આડા કાન કરશે, ત્યાં સુધી કાગળ પરની દારૂબંધી હાસ્યાસ્પદ બનીને રહી જશે. ગૃહ વિભાગે આ કૌભાંડને માત્ર 'દારૂનો કેસ' ન ગણતા, પોલીસ બેડામાં ઘર કરી ગયેલી સડો દૂર કરવાની તક તરીકે ઝડપી લેવું જોઈએ. પકડાયેલ આરોપીઓમાં જીગ્નેશકુમાર નટુભાઇ ગામીત (ઉ.વ.૩૦, રહે. નિશાળ ફળીયુ, તાડકુવા ગામ, તા.વ્યારા, જી.તાપી), વિકાસ બચુભાઇ ગામીત (ઉ.વ.૨૮, રહે. નિશાળ ફળીયુ, તાડકુવા ગામ, તા.વ્યારા, જી.તાપી), મિતુલભાઇ મિનેષભાઇ ચૌધરી (ઉ.વ.૩૨, રહે. ભરવાડી ફળીયુ, ખુશાલપુરા ગામ, તા.વ્યારા, જી.તાપી) જ્યારે વોન્ટેડ આરોપીઓ માં મુકેશભાઇ ઉર્ફે મુન્નાભાઇ અશ્વિનભાઇ ગામીત (રહે. આર.ટી.ઓ પાછળ, ટીચકપુરા ગામ, તા.વ્યારા, જી.તાપી), મનીષ રમણભાઇ ગામીત (રહે. નિશાળ ફળીયુ, તાડકુવા ગામ, તા.વ્યારા, જી.તાપી), રીતેષ ઉર્ફે રીતલો બુઢીયા હળપતી (રહે. રીંગણવાડા, દમણ)નો સમાવેશ થાય છે.

# ભરૂચ શહેર પાંજરાપોળની અનોખી પહેલ; 31 ઓગસ્ટ સુધી રોજ ડ્રો યોજાશે

### ગૌસેવાનો સુવર્ણ અવસરઃ લીલું ઘાસ ખવડાવો... દરરોજ જીતો આકર્ષક દીવાલ ઘડિયાળ!

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - ભરૂચ**



ગૌસેવાને વધુ વ્યાપક બનાવવાના હેતુથી ભરૂચ પાંજરાપોળે શહેરવાસીઓ માટે એક અનોખી અને આકર્ષક યોજના શરૂ કરી છે. હવે ગૌમાતાને લીલું ઘાસ ખવડાવનાર દરેક નાગરિકને માત્ર પુણ્ય જ નહીં, પરંતુ દરરોજ આકર્ષક દીવાલ ઘડિયાળ જીતવાની તક પણ મળશે. 5 ઓગસ્ટથી શરૂ થયેલી આ યોજના 31 ઓગસ્ટ સુધી ચાલશે.

યોજનામાં ભાગ લેવા ઈચ્છુક નાગરિકોએ દરરોજ સવારે 9થી 12 વાગ્યા દરમિયાન ભરૂચ પાંજરાપોળ ખાતે પહોંચી ગૌમાતાના દર્શન-પૂજા કરીને લીલું ઘાસ ખવડાવવાનું રહેશે. ત્યારબાદ સંસ્થા તરફથી સંપૂર્ણપણે વિના મૂલ્યે કુપન આપવામાં આવશે. આ કુપનોનો બીજા દિવસે સવારે 9:30 વાગ્યે ડ્રો યોજાશે. જેમાં પસંદ થયેલા એક ભાગ્યશાળી કુપનધારકને સ્થળ પર જ આકર્ષક દીવાલ ઘડિયાળ ભેટરૂપે આપવામાં આવશે. યોજનાને લઈ શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પાંજરાપોળના સંચાલકોના જણાવ્યા મુજબ યોજનાનો મુખ્ય હેતુ લોકોમાં ગૌસેવા પ્રત્યે જાગૃતિ લાવવાનો અને નવી પેઢીને પણ આ પવિત્ર કાર્ય સાથે જોડવાનો છે. ગૌસેવા સાથે આધ્યાત્મિક શાંતિ અને સમાજમાં સેવાભાવનો સંદેશ પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના તમામ નાગરિકોને આ પુણ્યના કાર્યમાં જોડાઈ ગૌમાતાની સેવા કરવાની અને દરરોજ ઈનામ જીતવાની તકનો લાભ લેવા ભરૂચ પાંજરાપોળ પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભરૂચ-દહેજ હાઇવે પર દોડતી ટ્રક અગ્નિનો ગોળો બની

### હાઇવે પર ટ્રાફિક જામ વેસદડા પાસે કેબિનમાં ભડકો થતાં મચી દોડધામ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - ભરૂચ**

ભરૂચ-દહેજ માર્ગ પર વેસદડા ગામ નજીક મોડી રાત્રે દોડતી ટ્રકની કેબિનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં સમગ્ર હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી. પળવારમાં કેબિન આગની લપેટમાં આવી જતાં ઊંચી જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા.



તસવીર : કેતન મહેતા, ભરૂચ

આગની વિકરાળતા જોઈ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. અનેક વાહનો રસ્તા પર જ અટકી જતાં ભરૂચ-દહેજ હાઈવે પર બંને તરફ ટ્રાફિકની લાંબી કતારો લાગી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને આગ વધુ ફેલાય નહીં તે માટે પ્રાથમિક પ્રયાસો હાથ ધર્યા હતા. આગના કારણે થોડા સમય માટે સમગ્ર માર્ગ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે પ્રભાવિત રહ્યો હતો.આગ કાબૂમાં આવ્યા બાદ ટ્રાફિક ફરી શરૂ કરવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નોંધાયા નથી, પરંતુ ટ્રકની કેબિન સંપૂર્ણપણે બળી જતાં ભારે આર્થિક નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. સંબંધિત તંત્રે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે.

# રાજપીપળા ચોકડી પરથી 600 નશાની ગોળીઓ સાથે સપ્લાયર ઝડપાયો

### SOGની ટીમે ચારેબાજુથી ઘેરીને આરોપીને દબોચી લીધો

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - અંકલેશ્વર**

ભરૂચ SOGએ રાજપીપળા ચોકડી નજીકથી નશાની 600 ગોળીઓ સાથે એક સપ્લાયરને ઝડપી લઈ રૂ. 2.66 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઝડપાયેલો આરોપી વિશાલ ખાન અંકલેશ્વર GIDC વિસ્તારમાં નશાની ગોળીઓનું છૂટક વેચાણ કરવા નીકળ્યો હતો. પરંતુ વેચાણ થાય તે પહેલાં જ SOGની ટીમે ચારેબાજુથી ઘેરીને તેને દબોચી લીધો હતો. ભરૂચ SOG ની ટીમને મળેલ



ચોક્કસ બાતમીના આધારે રાજપીપળા ચોકડી પાસે જાળ બિછાવી હતી. આરોપી એક્ટિવા પર પહોંચતા જ પોલીસે કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન 600 નશાકારક ગોળીઓ (રૂ.1.86 લાખ), 40 પેકેટ વિમલ મુનક્કા વટી, એક્ટિવા અને મોબાઈલ મળી કુલ રૂ.2.66 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પૂછપરછમાં નશાના આ રેકેટની કડીઓ સુરત સુધી પહોંચતા ચોંકાવનારો ખુલાસો થયો છે. કાપોદ્રાનો અસલમ અને સુરતનો એક મારવાડી શખ્સ આ કારોબારના સાગરિત હોવાનું સામે આવતા પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

# સંસદ પરિસરમાં દાનચોરી અંગેના નાટક બદલ કોંગ્રેસીઓ સામે પગલાં ભરવા માંગ

### ભગવાવેષ રચીને કરેલા નાટકથી સાધુ-સંત સમાજમાં આક્રોશ, વિહિંપ દ્વારા કલેક્ટરને આવેદન

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - સુરત**

અયોધ્યા રામમંદિરમાં દાનચોરી મુદ્દે કોંગ્રેસીઓએ સંસદ પરિસરમાં નાટક પ્રદર્શન કર્યું હતું, જેનો સાધુ-સંત સમાજમાં ભારે વિરોધ ઉઠ્યો છે. આજે વિહિંપ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી કોંગ્રેસ અધ્યક્ષ ખડગે, રાહુલ ગાંધી સહિતના નેતાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માંગ ઉઠાવાઈ છે.

અયોધ્યા રામમંદિરમાં દાનપેટીમાંથી ચોરીના વિરોધમાં ગઈ તા. 31મી જુલાઈના રોજ સંસદ ભવનના પરિસરમાં કોંગ્રેસ દ્વારા એક નાટક વિરોધ પ્રદર્શન તરીકે ભજવાયું હતું. જેમાં રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, અવધેશ પ્રસાદ, અખિલેશ યાદવ સહિતના લોકોએ ભાગ લીધો હતો. જેમાં ભગવાવેશ પહેરીને દાનચોરી કરાતી હોવાનો વ્યંગ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જેના સંદર્ભમાં વિશ્વ હિન્દુ પરિષદ સુરત મહાનગર દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના આ નાટક વિરોધ પ્રદર્શનનો ઉગ્ર વિરોધ કરાયો છે. પરિષદે આ નાટકને તપાસમાં બાધા નાંખનારું, સાધુ-સંતોનું અપમાન કરનારું તેમજ ધાર્મિક શ્રદ્ધા પર કુઠરાઘાત સમાન ગણાવી ખડગે, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, અવધેશ પ્રસાદ સહિતના પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

# ઉચ્છલના હાઇવે પર કાળમુખી બસ પલટી, બે મુસાફરો ઘવાયાઃ 'મૃત્યુના સોદાગરો' સામે ઊંઘતું તંત્ર અને રોડ પર રઝળતા મુસાફરો!

### ત્રણ વર્ષથી વીમા-ફિટનેસ વગર દોડતા વાહનો કોના આશીર્વાદથી? અકસ્માત સર્જી ડ્રાઇવર ફરાર, ટોલનાકાના સીસીટીવી તપાસવા માંગ : શર્મા ટ્રાવેલ્સની બસનો ઇન્સ્યોરન્સ 3 વર્ષથી ગાયબ; નિર્દોષ ઈજાગ્રસ્તોની શારીરિક-આર્થિક પીડાનું વળતર હવે કોણ ચૂકવશે?

**વ્યારા**



ઉચ્છલમાં નિઝરથી ઉચ્છલ તરફ જતા સ્ટેટ હાઈવે પર, માણેકપુર ગામની સીમમાં વહેલી સવારે સવા ચાર વાગ્યે જે ઘટના ઘટી, એ માત્ર એક આકસ્મિક બનાવ નથી- પરંતુ સરકારી તંત્રની ઘોર બેદરકારી અને વાહન માલિકોની બેફામ દાદાગીરીનો ઉઘાડો પુરાવો છે! નિઝર તરફથી પૂરઝડપે અને અત્યંત ગફલતભરી રીતે ધસી આવેલી 'શર્મા ટ્રાવેલ્સ'ની અશોક લેલેન્ડ કંપનીની બસ (MP-10-P-6688) ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ માર્ગ નીચે ખાબકીને ઊંધી વળી ગઈ હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ જો કોઈ નિર્દોષનો જીવ ગયો હોત, તો એ હત્યાની જવાબદારી આખરે કોના શિરે ઢોળવામાં આવત? આ બસનો વીમો છેલ્લા ત્રણેક વર્ષથી પૂરો થઈ ચૂક્યો છે! એક તરફ સરકાર વીમા વગરના વાહનો સામે કડક કાનૂની કાર્યવાહીના કાગળ પર દાવા કરે છે, તો બીજી તરફ આવા હાથી જેવા મહાકાય વાહનો કોઈ પણ જાતના ઈન્સ્યોરન્સ, ટેક્સ કે ફિટનેસ સર્ટિફિકેટ વગર મુસાફરોના જીવ હથેળીમાં મૂકીને રોડ પર બેરોકટોક દોડી રહ્યા છે.

આ ગંભીર અકસ્માતમાં સુરતના નાનપુરા વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લાના ગુંજર ખેડી ગામના વતની અજયભાઈ છોટાનવલસિંહ ચૌહાણને ડાબા ખભાના ભાગે ફ્રેક્ચર થયું છે, જ્યારે તેમના ભાઈ રાહુલભાઈ ચૌહાણને કોણીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. આ નિર્દોષ મુસાફરોને થયેલી શારીરિક યાતના અને આર્થિક નુકસાનની ભરપાઈ હવે કોણ કરશે? જે બસનો કોઈ વિમો જ અસ્તિત્વમાં નથી, એ કંપની પાસેથી વળતર મેળવવા નિર્દોષ નાગરિકોએ ક્યાં ધક્કા ખાવાના? અકસ્માત સર્જાયા બાદ શર્મા ટ્રાવેલ્સનો ડ્રાઈવર અંધારાનો લાભ ઉઠાવીને સ્થળ પરથી ચૂપચાપ ભાગી છૂટ્યો છે. અહીં મોટો સવાલ એ ઉપસ્થિત થાય છે કે આ ચાલક પાસે માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ હતું પણ ખરું? કે પછી કોઈ અનાડી વ્યક્તિના હાથમાં મુસાફરોના જીવ સોંપી દેવાયા હતા? પાછળથી કોઈ પોકળ બહાનું આગળ ધરીને બનાવટી ડ્રાઈવર ઊભો ન કરી દેવાય, તે માટે આ રૂટના તમામ ટોલનાકાના સીસીટીવી ફૂટેજ તાત્કાલિક જપ્ત કરવા અત્યંત અનિવાર્ય છે.

ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત અજયભાઈની ફરિયાદના આધારે ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં બસ ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો તો દાખલ કરી દેવાયો છે. પરંતુ લાયસન્સ, ટેક્સ ચોરી અને ફિટનેસ સર્ટિફિકેટ વિના વાહન ચલાવવા જેવા મુખ્ય ગુનાઓની ઊંડાણપૂર્વકની તપાસ હજુ બાકી છે. માત્ર ભાગી છૂટેલા ડ્રાઈવર સામે જ નહીં, પરંતુ મુસાફરોના જીવ સાથે ખુલ્લેઆમ ખેલ ખેલનારા બસના માલિક સામે પણ ગુનાહિત બેદરકારીનો કેસ નોંધીને તેને જેલના સળિયા પાછળ ધકેલવો જોઈએ. જો હવે પણ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી નહીં જાગે, તો આગામી દિવસોમાં સર્જાનારી કોઈ મોટી અનારત માટે સીધું તંત્ર જ જવાબદાર રહેશે! અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આજ તાલુકાનાં ધોરીમાર્ગ પર ખાનગી બસ ચાલકે અકસ્માત કર્યો હતો, જેમાં આદિવાસી રાહદારીનું મોત નિપજ્યુ હતુ. તે સમય પણ બસ માલિકની મોટર વ્હીકલ એક્ટનાં નિયમોમાં ઘોર બેદરકારી બહાર આવી હતી.

# ભારે વરસાદ બાદ ભરૂચના ખેતરો જળબંબાકાર હજારો એકર ઉભા પાકને નુકસાનની ભીતિ

### ખેડૂતોની પાણીના નિકાલ અને વળતરની માંગ



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - સુરત**

ભરૂચ જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ ભરૂચ તાલુકાના ખેડૂતો માટે નવી મુશ્કેલી ઊભી થઈ છે. દહેગામ, કેરવાડા, હિંગ્લોટ, મનુબર, કરમાડ સહિતના અનેક ગામોમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ખેતરોમાં ગોઠણસમા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે કપાસ, તુવેર, મગ સહિતના ઉભા પાક પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોમાં પાકને ભારે નુકસાન થવાની ભીતિ વ્યાપી છે.

અસરગ્રસ્ત ખેડૂતોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોથી વિસ્તારમાં ચાલી રહેલા બુલેટ ટ્રેન, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે અને ફ્રેઈટ ટ્રેન પ્રોજેક્ટના કામ દરમિયાન કુદરતી વરસાદી પાણીના નિકાલના માર્ગોમાં અવરોધ સર્જાયો છે. પરિણામે સામાન્ય વરસાદ બાદ પણ પાણી ખેતરોમાંથી બહાર નીકળી શકતું નથી અને લાંબા સમય સુધી ખેતરોમાં જ ભરાયેલું રહે છે.

ખેડૂતોનું કહેવું છે કે સતત પાણી ભરાયેલા રહેવાને કારણે પાકના મૂળને નુકસાન પહોંચે છે, જેના કારણે પાક સુકાઈ જવાની અથવા સડી જવાની શક્યતા વધી જાય છે. હાલ કપાસ, તુવેર અને મગ જેવા પાક વિકાસના મહત્વના તબક્કામાં હોવાથી પાણી ભરાવાની સ્થિતિ ઉત્પાદન પર સીધી અસર કરી શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અસરગ્રસ્ત ગામોના ખેડૂતોનું કહેવું છે કે જો આગામી થોડા દિવસોમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે તો હજારો એકર વિસ્તારમાં ઉભેલો પાક સંપૂર્ણપણે નષ્ટ થઈ શકે છે. જેના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

# સુરત RTO 3Wના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરીઝ GJ 05 DVનું ઓક્શન શરૂ કરાશે

### ૧૧ થી ૧૩ ઓગષ્ટ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - સુરત**

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ સિરીઝ 3Wના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોની સિરીઝ GJ 05 DVનું ઓક્શન કરવામાં આવશે. જે માટે રજિસ્ટ્રેશન તા. ૧૧થી ૧૩ ઓગષ્ટ સુધી અને હરાજી તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી,યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે.

# નારી વંદન સપ્તાહ અંતર્ગત "બેટી બચાવો, બેટી પઢાવો દિવસ"ની ઉજવણી

### ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે મહિલા સુરક્ષા, દીકરીના શિક્ષણ અને સરકારી યોજનાઓ અંગે વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - સુરત**

ગુજરાત સરકારના નારી વંદન સપ્તાહ અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી તથા બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે બોટાદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બેટી બચાવો, બેટી પઢાવો દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.




બોટાદ પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્મા તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારી આઈ. આઈ. મન્સૂરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને દીકરીના શિક્ષણનું મહત્વ, મહિલા સુરક્ષા, બાળ અધિકારો, સાયબર સુરક્ષા, બાળલગ્ન નિવારણ તેમજ મહિલાઓ અને બાળકો માટે સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહિલા સન્માન, સુરક્ષા અને સમાનતાનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.\ આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી સુમિત પટેલ, સંતોષ મિશ્રા, શર્મા સર તેમજ શાળાના પ્રિન્સિપાલ પલક પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર (PBSC), સખી વન સ્ટોપ સેન્ટર, 181 અભયમ મહિલા હેલ્પલાઈન, વુમન એમ્પાવરમેન્ટ હબ (DHEW), ચાઈલ્ડ હેલ્પલાઈન-1098 તથા બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનની શી ટીમના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને મહિલાઓ અને બાળકોના કાનૂની અધિકારો, સુરક્ષા વ્યવસ્થા તેમજ વહાલી દીકરી યોજના, વિધવા સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન યોજના, સ્વાવલંબન યોજના સહિત સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ, પોલીસ વિભાગના પ્રતિનિધિઓ, શાળાના શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગણદેવી તાલુકા પત્રકાર સંઘના શૈક્ષણિક સહાય મહાઅભિયાન હેઠળ ૨૬ શાળાના ૨૯૯૪ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરાઈ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બીલીમોરા**

તા.૫ બે સપ્તાહ અગાઉ ગણદેવી તાલુકા અને ઉપરવાસમાં પડેલા અવિરત સાંબેલાધાર વરસાદને કારણે અંબિકા અને કાવેરી નદીનાં વિનાશક પૂરે અનેક ગામોમાં ભારે તારાજી સર્જી હતી. અગણિત પરિવારો ઘરવખરીથી વંચિત બન્યા હતા, જ્યારે અનેક વિદ્યાર્થીઓની સ્કૂલ બેગ, પુસ્તકો, નોટબુકો અને જરૂરી શૈક્ષણિક દસ્તાવેજો પણ પૂરના પાણીમાં નષ્ટ થયા હતા.

આ કરુણ પરિસ્થિતિને ગ્રાઉન્ડ ઝીરો પરથી સતત આવરી લેતા ગણદેવી તાલુકાના પત્રકારોના હૃદય દ્રવી ઉઠ્યા હતા. પરિણામે પત્રકાર કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા "શૈક્ષણિક સહાય મહાઅભિયાન" હાથ ધરાયુ હતું. પત્રકારોની આ માનવતાવાદી પહેલને સમાજના વિવિધ વર્ગો, સેવાભાવી સંસ્થાઓ અને દાતાશ્રીઓનો ઉત્સાહભર્યો





સહકાર મળતા અભિયાન ટૂંકા સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ મહાઅભિયાન અંતર્ગત પૂરગ્રસ્ત બીલીમોરા ની ૫ મળી તાલુકાની ૨૬ શાળાઓના કુલ ૨૯૯૪ વિદ્યાર્થીઓને ૧૧,૯૭૬ નોટબુકો, ૫,૮૮૮ પેન્સિલ તેમજ અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી ધરાવતી કીટ વિતરણ કરાઈ હતી. શૈક્ષણિક કીટ પ્રાપ્ત થતાં બાળકોના ચહેરા પર ફરી ખુશી અને નવા ઉત્સાહનું સ્મિત જોવા મળ્યું હતું.

આ સેવા અભિયાનમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘ સાથે નવસારી જિલ્લા પોલીસ તંત્ર, નવસારી જિલ્લા ક્વોરી એસોસિએશન, બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ, બીલીમોરા દાદુ માસ્ટરના ગણપતિ મંડળ સહિત અનેક સેવાભાવી સંસ્થાઓ, દાતાઓ અને સમાજના આગેવાનો જોડાયા હતા.

દ્રષ્ટિકોણ જનવાણી
Drashtikone Janvani (Daily) Surat

# બોટાદ શહેરના ઐતિહાસિક કૃષ્ણસાગર તળાવના બ્યુટીફિકેશનને ગતિ મળશે

## ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લઈ કરી સમીક્ષા

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બોટાદ**



તસવીર : લાલજી મેર, બોટાદ

બોટાદ શહેરના ઐતિહાસિક કૃષ્ણસાગર તળાવ અને તેની આસપાસના વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપવા બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ આજે સ્થળ મુલાકાત લઈ ચાલી રહેલી આયોજન પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓ સાથે તળાવના બ્યુટીફિકેશનના લેઆઉટ પ્લાન અને આગામી કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ મુલાકાત દરમિયાન બોટાદ શહેર મામલતદાર, બોટાદ નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી એચ.કે. પટેલ તેમજ વોર્ડ નં. 2ના કોર્પોરેટર ભરતભાઈ સહિતના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાના સતત પ્રયત્નોના પરિણામે રાજ્ય સરકાર દ્વારા કૃષ્ણસાગર તળાવના બ્યુટીફિકેશન માટે રૂ. 10 કરોડની મહત્વપૂર્ણ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

હાલમાં આ પ્રોજેક્ટ માટે લેઆઉટ પ્લાન તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં વિકાસકાર્યોનો પ્રારંભ કરવામાં આવશે. આ ઉપરાંત, તળાવ નજીક આવેલા બગીચાની બાજુમાં મહિલા હેલ્થ સેન્ટરના નિર્માણ માટે રૂ. 10 લાખની ફાળવણી કરવામાં આવી છે. તેમજ મુલાકાતીઓ અને સ્થાનિક નાગરિકોની સુવિધા માટે બગીચા પાસે પીકઅપ સ્ટેન્ડના નિર્માણ માટે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રૂ. 5 લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર મિલિન્દ બાપનાની કેન્દ્રીય વિદ્યાલય માટે જગ્યાની મહત્વની મુલાકાત લીધી

## મુલાકાત દરમિયાન કલેક્ટરે સંબંધિત વિભાગોને જરૂરી અને વિગતવાર સૂચનાઓ આપી

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - અરવલ્લી**

અરવલ્લી જિલ્લાના કલેક્ટરશ્રી મિલિન્દ બાપના દ્વારા કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના માટે પસંદ કરાયેલી જગ્યાની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરે સંબંધિત વિભાગોને જરૂરી અને વિગતવાર સૂચનાઓ આપી હતી. કેન્દ્રીય વિદ્યાલય માટે જગ્યા પસંદ કરવાની પ્રક્રિયા અંગે પણ સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને મંજૂર થયેલી કેન્દ્રીય વિદ્યાલય બનાવવા માટે જમીનની ફાળવણી અંગે સ્થળ પર જ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચા દરમિયાન જિલ્લાના વિકાસ અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને તમામ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી.


તસવીર : જયેશ પટેલ અરવલ્લી, માલપુર

કલેક્ટરે કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના માટે જરૂરી તમામ કાર્યવાહીને ઝડપી બનાવવા પર ભાર મૂક્યો હતો. વિભાગોને સૂચના આપતાં કહ્યું હતું કે જગ્યાની પસંદગી અને ફાળવણીની પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય અને કોઈપણ પ્રકારની વિલંબ ન થાય. આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ સાથે પણ મુલાકાત કરીને જિલ્લાના જરૂરી તથા મહત્વના રસ્તાઓના સમારકામ માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે રસ્તાઓની સારી સ્થિતિ જિલ્લાના નાગરિકો માટે અત્યંત આવશ્યક છે, જેથી તેમને રોજિંદા જીવનમાં સરળતા અને સુવિધા મળી રહે. આ મુલાકાત અને સૂચનાઓથી કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના તરફ સકારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. જિલ્લાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે અને જિલ્લાનું મૂળભૂત માળખાકીય વિકાસ વધુ મજબૂત બને તે માટે કલેક્ટરશ્રીની આ પહેલ અત્યંત મહત્વની છે. રસ્તાઓના સમારકામથી જિલ્લા વાસીઓને આવાગમનમાં સરળતા મળશે તેમજ સામાન્ય જનતાને રોજિંદા કાર્યોમાં અનુકૂળતા રહેશે. આ તમામ કાર્યવાહી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સકારાત્મક પરિણામ લાવશે તેવી અપેક્ષા છે. કલેક્ટરશ્રીની આ મુલાકાત અને સૂચનાઓથી વિભાગોમાં કાર્યક્ષમતા વધશે અને જિલ્લાના નાગરિકોને વધુ સારી સેવાઓ મળી રહેશે.

# આજનું રાશીફળ



### મેષ

મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ, ધર્મ આધ્યાત્મ સંબંધી મંગળ કાર્ય થશે.સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ, ધર્મ આધ્યાત્મ સંબંધી મંગળ કાર્ય થશે.

### વૃષભ

કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. ઋણ, રોગ, શત્રુથી લાભ પ્રાપ્તિનો યોગ. વિવાદિત નિર્ણય પક્ષમાં આવશે. ધાર્મિક કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. અચાનક ભાગ્યવૃદ્ધિ દ્વારા ધન લાભ પ્રાપ્તિનો યોગ. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ

### મિથુન

આજનો દિવસ સારો રહેશે પરિવારના કોઈ સભ્યને નોકરી મળી શકે છે. આજે તમે નવું વાહન ખરીદી શકો છો. શેર માર્કેટમાં કામ કરતા લોકો માટે આજનો દિવસ સારો રહેશે. વાણી પર નિયંત્રણ રાખવું આજે ખૂબ જ જરૂરી છે. પત્નીના સ્વાસ્થ્યની ચિંતા તમારા મનમાં રહેશે. શત્રુ પક્ષનો વિજય થશે.

### કર્ક

ધાર્મિક કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. અચાનક ભાગ્યવૃદ્ધિ દ્વારા ધન લાભ પ્રાપ્તિનો યોગ. ગહન શોધના કાર્યોમાં સમય પસાર થશે.મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ, ધર્મ આધ્યાત્મ સંબંધી મંગળ કાર્ય થશે.

### સિંહ

શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધામાં ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે.

### કન્યા

આજનો દિવસ સામાન્ય છે, કામકાજમાં થોડી વ્યસ્તતા જોવા મળી શકે છે, મનમાં થોડી અશાંતિ જોવા મળી શકે છે, સરકારીકામ, યુનિફોર્મવાળી નોકરી, સોના-ઝવેરાત, ફાર્મા જેવા ક્ષેત્રમાં કામકરનારને માનસિક થાકની લાગણી વધુ અનુભવાય. માર્કેટિંગક્ષેત્રમાં તમને સમયનો વ્યય વધુ જોવા મળી શકે છે.

### તુલા

સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્તિનો યોગ. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. ભવન નિર્માણ સંબંધી કાર્યોનો યોગ. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે.

### વૃશ્ચિક

પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સ્વાસ્થ્ય સુધારનાં કાર્યમાં ધ્યાન જશે. આર્થિક ક્ષેત્રમાં સંયમ અને ધૈર્યથી કાર્ય કરો. આવકના સાધનોથી લાભ પ્રાપ્ત થશે,

### ધન

ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ મળશે. વિલાસિતાની વસ્તુઓની પ્રાપ્તિનો યોગ બનશે.સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.યાત્રાનો યોગ.

### મકર

નાણાકીય બાબતોમાં સુધારો થશે. ધાર્મિક વૃત્તિઓ વધશે. સરકાર તરફથી સહયોગ મળશે. વ્યવસાયિક પ્રતિષ્ઠામાં વધારો થશે. બૌદ્ધિક કૌશલ્યથી કરેલા કામમાં પ્રગતિ થશે.

### કુંભ

અજાણ્યા ભયથી પીડાશો. સામાજિક કાર્યોમાં રસ લેશે. પારિવારિક જીવન સુખમય રહેશે. સંબંધોમાં મધુરતા રહેશે. કોઈપણ કાર્ય પૂર્ણ થવાથી આત્મવિશ્વાસ વધશે.

### મીન

તમને કોઈ સંબંધી અથવા સ્વ-પ્રમાણિક વ્યક્તિ તરફથી તણાવ મળી શકે છે. કરેલા પ્રયત્નો સાર્થક થશે. સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ અને સાથ મળશે.

# બોટાદના ગઢડા પોલીસે ચોરીના 4 મોટરસાઇકલ સાથે એકને ઝડપ્યો

## આરોપીએ અન્ય ત્રણ ચોરી કરેલા અને છુપાવેલા મોટરસાઇકલ પણ બતાવ્યા

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બોટાદ**

બોટાદ જિલ્લાના ગઢડા પોલીસે ચોરીના ચાર મોટરસાઈકલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી કુલ ચાર મોટરસાઈકલ કબજે કર્યા છે.

બાતમીના આધારે, ચોરી કરવાની ટેવવાળો શૈલેષભાઈ ઉર્ફે કાળીયો જીવરાજભાઈ ડાભીલાખણકા ગામ નજીક મામા દેવના મંદિર પાસે શંકાસ્પદ મોટરસાઈકલ સાથે હાજર હતો. પોલીસે તેને કોર્ડન કરીને પકડી પાડ્યો હતો.

આરોપી પાસેથી મોટરસાઈકલના આધાર પુરાવા માંગતા તે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. વધુ પૂછપરછ કરતા તેણે મોટરસાઈકલ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તેણે અન્ય ત્રણ ચોરી કરેલા અને છુપાવેલા મોટરસાઈકલ પણ બતાવ્યા હતા, જે પોલીસે કબજે કર્યા હતા. આ આરોપીએ ઉગામેડી, વટામણ ચોકડી, અંકલેશ્વર નજીક મોટાલી અને લાખણકા ગામમાંથી મોટરસાઈકલની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસવીર : લાલજી મેર, બોટાદ

# બોટાદ જિલ્લા યુથ કોંગ્રેસનું "છાત્રો કી ગુજ" કાર્યક્રમ અંતર્ગત રસ્તા રોકો આંદોલન કર્યું

## યુથ કોંગ્રેસ પ્રભારી સહિત કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બોટાદ**

બોટાદ જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા આજ રોજ છાત્રો કી ગુજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત યુથ કોંગ્રેસના કાર્યકરો દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું.

આ આંદોલનમાં યુથ કોંગ્રેસના પ્રભારી ચંદ્રકલા નાગોરી બોટાદ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ભરવાડ ઉપ પ્રમુખ સંજયભાઈ વાઘેલા સહિત અસંખ્ય કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આંદોલન દરમિયાન પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શનને રોકવા માટે ચંદ્રકલા નાગોરી સહિત તમામ આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના પ્રશ્નો અને માંગણીઓને લઈને કરવામાં આવેલા આ આંદોલનથી શહેરમાં થોડા સમય માટે ટ્રાફિક પ્રભાવિત થયો હતો.


તસવીર : લાલજી મેર, બોટાદ

# બોટાદ: ધજાળા ભરતબાપુના પ્રાગટ્ય દિવસે સન્માન કરી આશીર્વાદ મેળવ્યા

## સામતભાઈ જેબલીયાએ સાફો અને તલવાર અર્પણ કરી વિશેષ સન્માન કર્યું

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બોટાદ**

ધજાળાના રોકડિયા ઠાકર મહંત મહારાજ ભરતબાપુના પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બોટાદના જાણીતા ગૌરક્ષક અને સામાજિક કાર્યકર સામતભાઈ જેબલીયાએ ભરતબાપુનું વિશેષ સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સામતભાઈ જેબલીયાએ ભરતબાપુને રજવાડી સાફો બાંધી, સાફામાં કલંગી લગાડી હતી. તેમણે શક્તિ સ્વરૂપ રજવાડી તલવાર પણ અર્પણ કરી હતી. આ રીતે તેમણે રજવાડી ઠાઠથી બાપુનું સન્માન કર્યું હતું અને તેમના ચરણોમાં પ્રણામ કરી આશીર્વાદ લીધા હતા. પ્રાગટ્ય દિવસ નિમિત્તે સામતભાઈ જેબલીયાએ ભરતબાપુને શુભેચ્છાઓ પાઠવી હતી. તેના પ્રત્યુત્તરમાં, ભરતબાપુએ સામતભાઈ જેબલીયાને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને તેમને આંતરિક આશીર્વાદ આપ્યા હતા.



# સતીમાતાજીના ગર્ભગૃહમાંથી રૂ.1.65 લાખ ઉઠાવનાર બે આરોપી ઝડપાયા

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - વાવ**

બનાસકાંઠાના વાવ તાલુકાના ખીમાણાવાસ-નવાવાસ સ્થિત સતીમાતાજીના મંદિરમાં થયેલી ચોરીથી ભક્તોમાં ભારે રોષ ફેલાયો હતો. તસ્કરોએ મંદિરનું તાળું તોડી ગર્ભગૃહ અને દાનપેટીમાંથી સોનાં-ચાંદીનાં આભૂષણો તેમજ રોકડ રકમ ઉઠાવી ફરાર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ વાવ પોલીસની ટીમે રાતોરાત તપાસ શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે પોલીસે દિનેશ શંકરભાઈ વેણ અને જામા

### મંદિરમાં હાથ મારનાર તસ્કરો ગણતરીના કલાકોમાં કેદ

ગોવિંદભાઈ મકવાણાને ઝડપી પાડ્યા હતા. બંનેને કડક પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને આરોપીઓ ભાંગી પડ્યા હતા અને મંદિર ચોરીનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરાયેલા સોનાં-ચાંદીનાં આભૂષણો અને રોકડ સહિતનો તમામ મુદ્દામાલ કબજે કરી લીધો છે.

# શામળાજીના નવા વેણપુરમાં મંજૂરી વગર ચાલતો બાયોડીઝલ પંપ સીલ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - અરવલ્લી**

શામળાજી નજીક નેશનલ હાઈવે પર આવેલા નવા વેણપુર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે અને શંકાસ્પદ બાયોડીઝલનું વેચાણ થતું હોવાની ફરિયાદો ઉઠતાં સોમવારે સાંજે અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગની ટીમે દરોડો પાડીને તપાસ હાથ ધરી પંપ સીલ કરી બાયોડીઝલના સેમ્પલ લઈ લેબમાં મોકલ્યા હતા.

અરવલ્લી જિલ્લા પુરવઠા અધિકારી કુમારી એમ.વી. રાઠોડના જણાવ્યા અનુસાર શામળાજીના વેણપુરમાં કારગિલ પેટ્રોલિયમ ડીઝલ નામે ચાલતો આ પંપ સંચાલકે તંત્રની કોઈ પણ પ્રકારની મંજૂરી વગર શરૂ કરી દીધો હતો.



# બાયડ પંથકના ગોતાપુર પંચાયતના સરપંચ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્થળ પર સર્વે કરાયો

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બાયડ**

બાયડના ગોતાપુર-પ્રાંતવેલ માર્ગ પર આવેલા વાંઘા પર ઊંચો ડીપ અથવા સ્લેબ ડ્રેઈન બનાવવા વર્ષોથી ગ્રામજનો અને ખેડૂતો માંગણી કરી રહ્યા હતા. પ્રાંતવેલ, ગોતાપુર અને ઉભરાણને જોડતા આ માર્ગ અંગે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કરેલી રજૂઆતના પગલે માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ દ્વારા આખરે સર્વેની કામગીરી હાથ ધરાતાં સ્થાનિક લોકોમાં આનંદની લહેર છવાઈ ગઈ છે. આ બાબતે ગોતાપુરના સરપંચ અર્જુનસિંહ ઠાકોરે ધારાસભ્યને વારંવાર રજૂઆતો કરી હતી. ચોમાસા દરમિયાન ખેડૂતો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પડતી ભારે મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ગામના અગ્રણી તથા પંચાયત સદસ્ય બળવંતસિંહ અને સિદ્ધરાજસિંહે માર્ગ-મકાન વિભાગના ઈજનેરને તાત્કાલિક 1200 ડાયાની પાઈપો નાખીને ઊંચો ડીપ બનાવવાની માંગ કરી હતી. સરપંચ અર્જુનસિંહે જણાવ્યું હતું કે 40 વર્ષના લાંબા સમયગાળા બાદ જિલ્લાના છેવાડાના ગામોને જોડતા આ રસ્તા પર ડીપ બનાવવા માટે સર્વે શરૂ થતાં ગ્રામજનો અને ખેડૂતોએ હૃદયપૂર્વક ખુશી વ્યક્ત કરી છે.



# ભિલોડામાં ભારત વિકાસ પરિષદે જડીબુટ્ટી દિવસ ઉજવ્યો

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ - બાયડ**

ભિલોડા ખાતે ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા જડીબુટ્ટી દિવસ અને ઔષધી વિતરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જનજાગૃતિ અને આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ આયુર્વેદિક જડીબુટ્ટીઓનું મહત્વ લોકો સુધી પહોંચાડવાનો, ઋતુજન્ય રોગોથી બચવા જાગૃતિ લાવવાનો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવાનો હતો.

ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખાના પર્યાવરણ કન્વીનર શૈલેષભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આયુર્વેદિક જડીબુટ્ટીઓના ઔષધીય ગુણો, દૈનિક જીવનમાં તેના ઉપયોગ તેમજ પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખ સહિતના હોદ્દેદારો દ્વારા નાગરિકોને વરસાદી ઋતુ દરમિયાન થનારા સામાન્ય રોગોથી બચવા માટે ઉપયોગી આયુર્વેદિક ઔષધિઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે આજના આધુનિક જીવનમાં પણ આયુર્વેદનું મહત્વ અખંડિત છે. જો દરેક વ્યક્તિ પોતાના ઘર અને આસપાસ તુલસી, ગિલોય, અજમો, લીમડો, એલોઈવેરા જેવા ઔષધીય છોડનું વાવેતર કરે અને તેનો યોગ્ય ઉપયોગ કરે તો અનેક સામાન્ય બીમારીઓથી બચી શકાય છે. સાથે જ પર્યાવરણનું સંરક્ષણ પણ થશે. આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને સ્વચ્છતા જાળવવા, સંતુલિત આહાર લેવાની ટેવ વિકસાવવા, નિયમિત વ્યાયામ કરવા તેમજ આયુર્વેદિક જીવનપદ્ધતિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખાના હોદ્દેદારો, સભ્યો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આયોજકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ મહાનુભાવો, કાર્યકરો, સહયોગીઓ અને ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# ખાડીપૂરના વિરોધમાં નીકળનારી રેલીને ડામી દેવામાં આવી!

**પરવટ પાટિયાની અનેક સોસાયટીના પૂરપીડિત રહીશો કલેક્ટર કચેરી સુધી બાઈક રેલી યોજવાના હતા : પોલીસે પરવાનગી આપી નહીં અને સમગ્ર વિસ્તારમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી પૂરપીડિતોને ચૂપ કરી નાંખ્યા**

## આ તે કેવી લોકશાહી?

પોલીસે પરવાનગી આપવાનો ઈનકાર કરતાં સમગ્ર વિસ્તારના પૂરપીડિતોમાં ભારે વ્યથા અને રોષની લાગણી ફરી વળી છે. વર્ષોથી ખાડીપૂરની થપાટે પાયમાલ થનારા પૂરપીડિતો પોતાના પ્રશ્નોને વાચા પણ આપી શકે નહીં? તેવો પ્રશ્ન શહેરભરમાં ઉઠી રહ્યો છે. એક તરફ સરકારી તંત્રએ ખાડીપૂરના નિવારણ માટે વર્ષોથી કોઈ ઠોસ કાર્યવાહી કરી નથી, લોકો બરબાદ થઈ રહ્યા છે. ત્યારે લોકશાહીની ઢબે લોકો પોતાની રજૂઆત માટે કોઈ કાર્યક્રમ ઘડી કાઢે તો તેને પણ ડામી દેવામાં આવે તે ક્યાંનો ન્યાય? એવો વિરોધ પણ લોકોમાં ઉઠી રહ્યો છે.

**સુરત**

પરવટ પાટિયા અને આસપાસના વિસ્તારોના નાગરિકો કે જેમને ખાડીપૂરની થપાટે પાયમાલ કરી નાંખ્યા છે, તેમને આજે તંત્રની આડોડાઈનો બીજો કડવો અનુભવ થયો હતો. પૂરપીડિતોએ આજે કલેક્ટર કચેરી સુધી બાઈક રેલીનું આયોજન કર્યું હતું અને શાંતિપૂર્ણ રીતે કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવાનું આયોજન હતું. જો કે પોલીસે આ રેલીને પરવાનગી આપી ન હતી, ઉપરથી સમગ્ર વિસ્તાર તેમજ સંભવિત રેલીના રુટ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેતાં પૂરપીડિતો વ્યથિત થયા છે. સુરત શહેરમાં છેલ્લા ઘણાં વર્ષોથી ખાડીપૂર પેધું પડી ગયું છે. દસેક વર્ષથી તો દર વર્ષે ખાડીનું બેફામ ઓવરફ્લો પાણી ખાડીકિનારાના વિસ્તારોમાં ઘરો-દુકાનો, કારખાનાઓમાં ઘૂસી જાય છે અને વિનાશ વેરે છે. ગાંધીનગર લેવલ સુધીની અનેક બેઠકો, તપાસો, સમિતિઓની રચના, રજુઆતો, બધું કરાયું પરંતુ ખાડીપૂરનું નિવારણ જ આવતું નથી. આ વર્ષે તો માત્ર 25 દિવસના ટૂંકા સમયગાળામાં જ ખાડીપૂરે અનેક વિસ્તારોને ત્રણ વખત ધમરોળ્યા અને વિનાશ વેર્યો, છતાં તંત્રના પેટનું જાણે પાણી પણ હાલતું ન હોય તેમ ખાડીપૂર નિવારણ સંદર્ભે કોઈ કાર્યવાહી ગ્રાઉન્ડ ઝીરો પર કરવામાં આવી નથી. ત્યારે પરવટ પાટિયા અને આસપાસની અનેક સોસાયટીના રહીશોએ ખાડીપૂરના વિરોધમાં નાછૂટકે જનઆંદોલન છેડી દીધું છે. જે અંતર્ગત આજે અનેક સોસાયટીના રહીશો સહિતના પૂરપીડિતોએ એક બાઈક રેલીનું આયોજન કર્યું હતું. જેમાં સવારે 9.30 કલાકે સત્યમ શિવમ એપાર્ટમેન્ટથી મોડેલ ટાઉન, મેટ્રો રોડ, રોકડિયા હનુમાન, ઉધના દરવાજા, વનિતા વિશ્રામ ગ્રાઉન્ડથી કલેક્ટર કચેરી પહોંચવાનું આયોજન હતું. કલેક્ટર કચેરી પહોંચી શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી, કલેક્ટરને આવેદનપત્ર સાથે રજૂઆત કરવાની મહેચ્છા પૂરપીડિતોની હતી અને તેને માટે સમગ્ર વિસ્તારમાં તૈયારીઓ પણ સંપન્ન કરી દેવામાં આવી હતી. જો કે પોલીસ વિભાગે આ રેલીને પરવાનગી આપવાનો ઈનકાર કરી દેતા સમગ્ર વિસ્તારમાં રોષની લાગણી ભભૂકી ઉઠી છે.

## કેટલીક સોસાયટીના હોદ્દેદારોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

બાઈક રેલીની પરવાનગી નહીં મળતા પરવટ પાટિયાની કેટલીક સોસાયટીના હોદ્દેદારોએ છેવટે કલેક્ટર કચેરીની વાટ પકડી હતી. વીસેક જેટલા હોદ્દેદારો કલેક્ટર કચેરી પહોંચ્યા હતાં, જ્યાં તેમણે બેનરો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આવેદનપત્ર આપી ખાડીપૂરના કાયમી નિવારણ માટે પગલાં ભરવા, પૂરપીડિતોનો સરવે કરાવી યોગ્ય વળતર ચૂકવવા સહિતની માંગણીઓ મૂકી હતી.

# સુરતના 100 ટકા સ્વદેશી સ્ટીલથી સજ્જ યુદ્ધજહાજ ભારતીય નૌસેનામાં સામેલ, સમુદ્રમાં દુશ્મનો ધ્રુજશે

**સુરત**

ભારતીય સમુદ્રી સીમાઓને સુરક્ષિત કરવા ભારત સરકારે આત્મનિર્ભરતા તરફ વધુ એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. સ્વદેશી ટેક્નોલોજી અને એન્જિનિયરિંગના અદ્ભૂત સમન્વયથી તૈયાર થયેલું ભારતીય નૌસેનાનું અદ્યતન એન્ટિ-સબમરીન વૉરફેર શેલો વૉટરક્રાફ્ટ (ASW-SWC) 'INS માલવણ' સત્તાવાર રીતે નૌકાદળમાં સામેલ થઈ ચૂક્યું છે. આ યુદ્ધજહાજની સૌથી મોટી અને વિશેષ ખાસિયત એ છે કે, તેના નિર્માણમાં વપરાયેલું 100 ટકા વિશિષ્ટ સ્ટીલ (Speciality Steel) સુરત સ્થિત AM/NS India (આર્સેલરમેડલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા)ના હજીરા પ્લાન્ટ ખાતે નિર્મિત થયેલું છે. આ યુદ્ધજહાજ અત્યંત ઘાતક એન્ટિ-સબમરીન ઓપરેશન્સ, માઈન વૉરફેર અને દરિયાકાંઠાની કડક સુરક્ષા માટે વિશેષરૂપે ડિઝાઈન કરવામાં આવ્યું છે. સમુદ્રના ઊંડાણમાં દુશ્મન સબમરીનને શોધીને તેને પરાસ્ત કરવાની આ જહાજ ક્ષમતા ધરાવે છે અને તેના મજબૂત કવચ સમાન સ્ટીલે સુરત શહેરનું નામ



સમગ્ર વિશ્વમાં રોશન કર્યું છે.

22 જુલાઈ, 2026ના રોજ કર્ણાટકના કારવારમાં આયોજિત ગૌરવપૂર્ણ સમારોહમાં INS માલવણને ભારતીય નૌસેનામાં વિધિવત રીતે સામેલ કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ માત્ર નૌસેના માટે જ નહીં, પરંતુ હજીરા સ્ટીલ પ્લાન્ટ અને સમગ્ર સુરત માટે એક અત્યંત ઐતિહાસિક ક્ષણ બની છે. હજીરા પ્લાન્ટમાં વિકસાવવામાં આવેલી અદ્યતન સ્ટીલ ઉત્પાદન ક્ષમતાઓ એ સાબિત કરે છે કે, ભારત હવે સંરક્ષણ ક્ષેત્રે વિદેશી આયાત પરની નિર્ભરતા સંપૂર્ણપણે ઘટાડી રહ્યું છે. દેશની વિકસી રહેલી મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં સુરતનું આ યોગદાન ભારતની દરિયાઈ સૈન્ય તાકાત અને વ્યૂહાત્મક મહત્વાકાંક્ષાઓને નવી ઉંચાઈ આપી રહ્યું છે.

INS માલવણનું નિર્માણ પ્રતિષ્ઠિત કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. આ યુદ્ધજહાજ માહે-ક્લાસ ASW-SWC શ્રેણીના 8 યુદ્ધજહાજ પૈકીનું બીજું જહાજ છે. આ આખો પ્રોગ્રામ ભારત સરકારની 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત' નેમનો મજબૂત પુરાવો છે, કારણ કે આ યુદ્ધજહાજમાં 80 ટકાથી વધુ ઘટકો સંપૂર્ણપણે સ્વદેશી છે. જહાજની ડિઝાઈનિંગ, સિસ્ટમ્સ ઈન્ટીગ્રેશન અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ભારતીય નિષ્ણાતોની કારીગરી છતી થાય છે. AM/NS India આ શ્રેણીના તમામ 8 યુદ્ધજહાજ માટે જરૂરી 100 ટકા વિશિષ્ટ સ્ટીલનો પુરવઠો પૂરો પાડી રહી છે, જે ભારતીય નૌસેના સાથેની તેની મજબૂત ભાગીદારી દર્શાવે છે.

# ઘીમાં ભેળસેળનો મોટો ખેલ! સુરતના વેડ રોડની જય યોગેશ્વર ડેરીમાંથી નકલી ઘી ઝડપાયું

**વનસ્પતિ ઘી, સોયાબીન તેલ અને હળદર ભેળવી અસલી ઘીના નામે વેચાણનો આક્ષેપ; પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી**



**સુરત**

સુરત શહેરમાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળના વધુ એક કિસ્સાનો પર્દાફાશ થયો છે. વેડ રોડ પર આવેલી જય યોગેશ્વર ડેરીમાં અસલી ઘીના નામે ભેળસેળયુક્ત ઘીનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મોટી માત્રામાં શંકાસ્પદ ઘી ઝડપી પાડ્યું છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ડેરી સંચાલકો વનસ્પતિ ઘીમાં સોયાબીન તેલ અને હળદર ભેળવી તેને અસલી ઘી જેવો રંગ, દેખાવ અને સુગંધ આપતા હતા. ત્યારબાદ આ ભેળસેળયુક્ત ઘીને અસલી ઘી તરીકે પેકિંગ કરી ગ્રાહકોને વેચવામાં આવતું હતું. આ પ્રકારનું ઘી લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. આ મામલે ચોક બજાર પોલીસ સ્ટેશને ડેરી સંચાલકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાથે જ જપ્ત કરાયેલા ઘીના નમૂનાઓ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) અને ફૂડ સેફ્ટી વિભાગને પરીક્ષણ માટે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ હવે તપાસ કરી રહી છે કે આ ભેળસેળયુક્ત ઘીનું નેટવર્ક કેટલું મોટું છે, તેમાં અન્ય કોણ-કોણ સંકળાયેલા છે અને સુરત સહિત અન્ય વિસ્તારોમાં તેનું સપ્લાય કરવામાં આવતું હતું કે નહીં. તપાસના આધારે આગામી દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સંસદ પરિસરમાં દાનચોરી અંગેના નાટક બદલ કોંગ્રેસીઓ સામે પગલાં ભરો

**ભગવાવેષ રચીને કરેલા નાટકથી સાધુ-સંત સમાજમાં આક્રોશ, વિહિપ દ્વારા કલેક્ટરને આવેદન**

**સુરત**

અયોધ્યા રામમંદિરમાં દાનચોરી મુદ્દે કોંગ્રેસીઓએ સંસદ પરિસરમાં નાટક પ્રદર્શન કર્યું હતું, જેનો સાધુ-સંત સમાજમાં ભારે વિરોધ ઉઠ્યો છે. આજે વિહિંપ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી કોંગ્રેસ અધ્યક્ષ ખડગે, રાહુલ ગાંધી સહિતના નેતાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માંગ ઉઠાવાઈ છે. અયોધ્યા રામમંદિરમાં દાનપેટીમાંથી ચોરીના વિરોધમાં ગઈ તા. 31મી જુલાઈના રોજ સંસદ ભવનના પરિસરમાં કોંગ્રેસ દ્વારા એક નાટક વિરોધ પ્રદર્શન તરીકે ભજવાયું હતું. જેમાં રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, અવધેશ પ્રસાદ, અખિલેશ યાદવ સહિતના લોકોએ ભાગ લીધો હતો. જેમાં ભગવાવેશ પહેરીને દાનચોરી કરાતી હોવાનો વ્યંગ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જેના સંદર્ભમાં વિશ્વ હિન્દુ પરિષદ સુરત મહાનગર દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના આ નાટક વિરોધ પ્રદર્શનનો ઉગ્ર વિરોધ કરાયો છે. પરિષદે આ નાટકને તપાસમાં બાધા નાંખનારું, સાધુ-સંતોનું અપમાન કરનારું તેમજ ધાર્મિક શ્રદ્ધા પર કઠુરાઘાત સમાન ગણાવી ખડગે, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, અવધેશ પ્રસાદ સહિતના પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

## પૈસો જ ભગવાન, ભક્તોને પણ લાગ આવે લૂંટી લેવાના

# શ્રાવણ: ભક્તોની ઉપવાસની વેપારીઓની ફરાળના ભાવવધારાની તૈયારી

**મૌરૈયાના ભાવમાં તો વધારો ઝીંકી દેવાયો, હવે સાબુદાણા, રાજગરા સહિતની ફરાળી વસ્તુઓ મોંઘી થવાની તૈયારી**

**વાસુદેવ ઠાકર-સુરત**



સનાતન હિન્દુ ધર્મમાં તહેવારો માટે મુખ્ય ગણાતો શ્રાવણ મહિનો આગામી 13મીથી શરૂ થઈ રહ્યો છે. લાખો ભક્તોએ શ્રાવણ માસમાં ફળાહાર માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તો બીજી તરફ લોભિયા વેપારીઓએ ફરાળના ભાવવધારાની તૈયારી પણ કરી નાંખી છે. એટલું જ નહીં, મોરૈયાના ભાવમાં તો વધારો ઝીંકી દેવાયો છે. ત્યારે આગામી દિવસોમાં અન્ય ફરાળી વાનગીઓ, સીંગતેલ, ફળો પણ મોંઘા થાય તો નવાઈ નહીં. લગભગ દર વર્ષે એવું જોવામાં આવ્યું છે કે તહેવારોના ટાંકણે જ અમુક ખાસ વસ્તુઓ મોંઘી થાય છે. ખાસ કરીને ફળાહારની એટલે કે ફરાળી વસ્તુઓના ભાવોમાં અંદાજે 50 ટકા સુધીનો વધારો ક્રમશઃ ઝીંકી દેવામાં આવે છે. જેમ કે મોરૈયો, સાબુદાણા, સીંગદાણા, રાજગરો, શિંગોડાનો લોટ સિંધવ મીઠું વિગેરેના ભાવોમાં મુખ્ય તહેવારો અને શ્રાવણ માસ પૂર્વે વધારો જોવા મળે છે. આ વખતની વાત લઈએ તો મોરૈયાના ભાવોમાં અલુણા વ્રતના પ્રારંભ પહેલા જ વધારો ઝીંકી દેવાયો છે અને હાલમાં તે 200 રૂપિયે કિલોની આસપાસ છે, જેથી હજુ થોડો વધારો થવાની શક્યતા છે. સાબુદાણા તો હાલ માત્ર 75 રૂપિયે કિલો જ છે, પરંતુ તેમાં પણ ભાવવધારો લગભગ નિશ્ચિત છે.

### સીંગતેલનો ભાવ પણ વધવાની શક્યતા

ઉપવાસના દિવસોમાં ભક્તો અન્ય ખાદ્યતેલો છોડીને મોટાભાગે સીંગતેલ વાપરવાનો આગ્રહ રાખે છે, કારણ કે સીંગદાણાને ફરાળી વાનગીમાં સ્થાન અપાયું છે. ત્યારે હવે શ્રાવણ માસના પ્રારંભ પૂર્વેથી શરૂ કરીને છેક દિવાળી સુધી સીંગતેલના ભાવો ગરમ રહે એવું માનવામાં આવી રહ્યું છે.

### નાના કરિયાણાના દુકાનદારોથી લઈને મોટા સ્ટોર્સ પણ ભક્તોને લૂંટવાનું ચૂકતા નથી

એવું ધ્યાનમાં આવ્યું છે કે શ્રાવણ મહિનો અને અન્ય તહેવારોમાં ઉપવાસ કરનારા ભક્તોને ભાવવધારાનો માર સહન કરવો જ પડે છે. નાના દુકાનદારો ભાવવધારા માટે સપ્લાયરોનું બહાનું કાઢે છે. તો મોટા મેગા સ્ટોર્સમાં તો કોઈ કારણ પણ પૂછતું નથી. લાગ જોઈને પેકિંગ ડેટ અને એમઆરપી કે ડિસ્કાઉન્ટ પર્સન્ટેજ બદલી નાંખવામાં આવતા હોવાની ચર્ચા છે. ટૂંકમાં ભક્તોએ ઉપવાસ અને ફળાહાર માટે આર્થિક નુકસાન ભોગવવું નક્કી હોય છે.

### પેકેજડ ફરાળી વાનગીઓ પણ તહેવારોમાં મોંઘી થઈ જાય છે

આજના જમાનામાં પેકેજડ ફૂડનું ચલણ ખાસ્સું વધ્યું છે. ત્યારે ફળાહારમાં મોટાભાગે વધુ વપરાશમાં રહેતી પોટેટો ચિપ્સ એટલે કે બટાકાની વેફર, કાતરી, સેવ, સાબુદાણાની વેફર, કાતરી, વિગેરે પેકેજડ ફૂડના ભાવો પણ વધી જતા હોય છે. અથવા તો મોટા સ્ટોર્સ એમઆરપી પર અપાતું ડિસ્કાઉન્ટ ઓછું કરી નાંખે છે. ટૂંકમાં શ્રાવણમાં આ બધા પેકેજડ ફૂડના ભાવમાં પણ વધારો જોવા મળી શકે છે.

### શાકભાજી અને ફળોના વિક્રેતા પણ વહેતી ગંગામાં હાથ ધોઈ નાંખે છે

ફળાહારમાં શાકભાજીની વાત લઈએ તો બટાકા, સુરણ અને શક્કરિયા ઉપવાસમાં ખાઈ શકાય છે. જેથી તહેવારોના દિવસોમાં નાના શાકભાજી વિક્રેતાઓ પણ થોડા ભાવવધારાનો લાભ લઈ લે છે. આ ત્રણેય વાનગી સામાન્ય દિવસોમાં સ્વાભાવિક રીતે જ મોંઘી થઈ જાય છે. તો બીજી તરફ ફળોના વિક્રેતાઓ પણ તક છોડતા નથી. શ્રાવણ અને તહેવારોના દિવસોમાં મોટાભાગના ફળોમાં ઓચિંતો જ નાનો કે મોટા ભાવવધારો થઈ જ જાય છે.

# સાયણ-હજીરા હાઈવે પર હિટ એન્ડ રનમાં શિક્ષિકાના પતિનું મોત

**સુરત**

સુરતના જહાંગીરપુરા સાયણ-હજીરા હાઈવે પર શિવમ હોટલ નજીક એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં રાંદેર વિસ્તારમાં રહેતી શિક્ષિકાના 36 વર્ષીય પતિનું ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ મોત નિપજ્યું છે. બનાવ અંગે જહાંગીરપુરા પોલીસ મથકે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, રાંદેરમાં સરદાર પ્રી પ્રાયમરી ઈંગ્લીશ મીડિયમ સ્કુલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતા રવિશાબેન દલવાડીના પતિ મોહનીશ દલવાડી આર્થિક તંગીમાં સપડાયેલા હતા. 4 ઑગસ્ટે તેઓ અઠવાગેટ નવસારી બજાર સ્થિત પ્રજાપતિ સમાજ ભવનમાં આવેલી ફેક્ટરી પરથી ક્યાંક ચાલી ગયા હતા. ફોન બંધ આવતો હોવાથી મોહનીશભાઈના ભાઈ જેનિશભાઈએ અઠવા પોલીસ સ્ટેશનમાં તેમના ગુમ થવાની ફરિયાદ પણ નોંધાવી હતી.

5 ઑગસ્ટ આજે વહેલી સવારે મોહનીશભાઈના મોબાઈલ પરથી જહાંગીરપુરા પોલીસના જવાનોએ તેમના પિતા જયેન્દ્રભાઈને ફોન કર્યો હતો. પોલીસે માહિતી આપી હતી કે, જહાંગીરપુરા સાયણ-હજીરા હાઈવે શિવમ હોટલથી 100 મીટર દૂર તેમના પુત્રની એક્ટીવા મોપેડ (GJ-05-MH-1428)ને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી છે. ઘટનાની જાણ થતાં જ પત્ની, સસરા અને જેઠ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા.

# સુરતમાં ગે ડેટિંગ એપથી યુવકોને ફસાવતી ગેંગનો પર્દાફાશ

**'રાજ'ના નામે ચેટ કરી મળવા બોલાવી લૂંટી લેતા, 15 દિવસમાં 3 લોકોને ટ્રેપમાં ફસાવ્યા**

**સુરત**

સુરતમાં ગે એપ્લિકેશનના માધ્યમથી લોકો સાથે મિત્રતા કરી પૈસા અને મોબાઈલ પડાવી લેતી ગેંગને પોલીસે ઝડપી પાડી. ગેંગના સભ્યો 'રાજ'નામે ID બનાવી અજાણ્યા વ્યકિતનો સંપર્ક કરતા. મિત્રતા કેળવી વરાછાની એક અંડર કન્ટ્રકશન બિલ્ડિંગમાં મળવા બોલાવતા અને મારમારી લૂંટી લેતા. ટોળકીએ છેલ્લા 15 દિવસમાં 3 લોકોને પોતાની જાળમાં ફસાવ્યાની વિગત સામે આવી છે. સુરતના લિંબાયત વિસ્તારમાં રહેતા અને ફૂટની લારી ચલાવતા યુવકે થોડા દિવસ પહેલા એક ગે ડેટિંગ એપ ડાઉનલોડ કરી હતી.ત્યારબાદ 'રાજ'નામના ID પરથી યુવક સાથે ચેટિંગ શરૂ કરાયું. વાતચીત આગળ વધતા 'રાજે' 28 જૂને વરાછામાં મળવા બોલાવ્યો. બપોરના સમયે ભોગ બનનાર યુવક પહોંચતા જ 'રાજ'તેને ઓરેંજ પાર્કમાં આવેલી અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગમાં લઈ ગયો.

બિલ્ડંગમાં યુવક અને 'રાજ' પહોંચ્યા ત્યારે પહેલાથી જ બે અજાણ્યા લોકો હાજર હતા. જેઓએ ભોગ બનનાર યુવક સાથે મારામારી શરૂ કરી દીધી હતી. યુવકના ખિસ્સામાંથી મોબાઈલ અને રોકડ રકમ પડાવી લીધી હતી. આરોપીઓ આટલેથી ન અટક્યા અને 1,000 રૂપિયા ગુગલ પે પર પણ ટ્રાન્સફર કરાવી લીધા. યુવકને લૂંટી લીધા બાદ ત્રણેય શખસો ધમકી આપી નાશી છૂટ્યા હતા.ડરના માર્યા અને આબરુ જવાની બીકે યુવકે ફરિયાદ કરવાનું ટાળ્યુ હતું. જો કે, પરિવારજનોએ હિંમત આપતા અંતે ફરિયાદ નોંધાવી.પોલીસે ગણતરીના કલાકોમાં જ સુશાંત ઉર્ફે આકાશ કુંવરબહાદુર વર્મા (21), સોમરાજ અર્જુન ગામેતી (21) અને એક કિશોરને ઝડપી પાડ્યા છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ આ પહેલા પણ બે લોકોને ઓરેંજ પાર્કના અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગમાં બોલાવી મોબાઈલ અને રોકડ રકમ પડાવી લીધી હતી. આરોપીઓ પાસેથી પોલીસે લૂંટમાં ગયેલી રોકડ અને મોબાઈલ ફોન કબજે કર્યા છે. ત્રણ લોકો સિવાય અન્ય પણ કોઈ ભોગ બન્યા છે કે નહીં તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

# દાનપેટી સાથે સંતના સ્વાંગમા વિરોધથી સાધુ સમાજની લાગણી દુભાઈ

**સુરતમાં કલેક્ટર કચેરીએ 'પપ્પુ યાદવ મુર્દાબાદ'ના નારા લગાવ્યા**

**સુરત**

સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વિશ્વ હિંદુ પરિષદ અને ભારત સાધુ સમાજના સંયુક્ત ઉપક્રમે વિશાળ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવે સંતના વેશમાં દાનપેટી સાથે થયેલા વિરોધ પ્રદર્શનથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી હોવાનો આક્ષેપ કર્યો. સાધુ-સંતોએ હાથમાં પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે કલેક્ટર કચેરી બહાર 'પપ્પુ યાદવ મુર્દાબાદ'ના નારા લગાવીને વિરોધ નોંધાવ્યો હતો. સાધુ-સંતોની હાજરીમાં કલેક્ટર મારફતે દેશના રાષ્ટ્રપતિને સંબોધીને એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

અત્યારે દેશમાં 2 પપ્પુ થઈ ગયા છે, એક જૂનો પપ્પુ અને એક આ નવો પપ્પુ યાદવ!



આ નવો પપ્પુ સંસદની અંદર બહુરુપિયાનું રૂપ ધારણ કરી સાધુનો વેશ પહેરીને દાનપેટી લટકાવીને દાન એકઠું કરવાનું નાટક કરી રહ્યો છે. તે એવું દર્શાવવા માંગે છે કે રામ મંદિર નિર્માણ કરવા વાળા અને ભગવાધારી સંતો ચોરી કરવા વાળા છે. જે ભગવાધારી સંતો સનાતનની રક્ષા માટે મરવા-મીટવા તૈયાર થાય છે, તેમને દાનપેટીમાંથી ચોરી કરનારા દર્શાવી સંત સમાજનું ભારે અપમાન કરાયું છે.

31 જુલાઈ શુક્રવારે સંસદની બહાર પપ્પુ યાદવ પૂજારીના વેશમાં દાનપેટી લઈને પહોંચ્યા હતા. જેમાં રાહુલ ગાંધીએ દાન કર્યું હતું. ત્યારબાદ 'ચોરી પકડાઈ જવા'નું નાટક કરતા અવધેશ પ્રસાદ સહિત અનેક વિપક્ષી સાંસદોએ પપ્પુ યાદવને સાંકેતિક રીતે માર માર્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક સાધુ-સંતો અને VHP કાર્યકરોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. 'પપ્પુ યાદવને સંસદમાંથી દૂર કરો' અને 'પપ્પુ યાદવ મુર્દાબાદ'ના નારાઓ સાથે આખો પરિસર ગૂંજી ઊઠ્યો હતો.

This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.